

# શ્રવણમંદ હિરલની સિધ્ધિ ગાથા ગુંજી રહી છે ચોતરફ...

હિરલનું હીર પારખી શિક્ષકે
તેને આપેલી તાલીમ રંગ લાવી.

પેજ નં. પાંચ ઉપર

## ચિત્રલેખામાં પ્રિયદર્શિની ડૉ. કવિતા શાહ

પેજ નં. ૬ ઉપર

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃતિનું માસિક
૧૫ માર્ચ : ૨૦૨૪, અંક નં. ૧૩૫/૫૦૧

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 March - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28

# કે. એલ. તસ્વીર સમાચાર



ધારાસભ્યશ્રી દ્વારા પતંગ વિતરણ કાર્યક્રમ


શિક્ષણ સચિવશ્રી વિનોદરાવ (ગાંધીનગર) સાથે મુલાકાત


સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કાર્યક્રમ



આચાર્યા સ્વ. હર્ષાબેન આશરાની પ્રાર્થના સભા


પ્રાગમહલ (કચ્છ) ની મુલાકતે વિદ્યાર્થીઓ



સાસણગીર (જુનાગઢ) પ્રવાસે વિદ્યાર્થીઓ


હિરલ બારૈયા કોચ સંદિપ ગોસ્વામી સાથે


કે.એલ. હોસ્ટેલમાં શ્રીરામ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર............૦૨
- INDEX...............................૦૩
- CONTENTS AT A GLANCE ......૦૪
- શ્રવણમંદ હિરલની સિધ્ધિ ગાથા...............૦૫
- નેશનલ કાઉન્સિલ મેમ્બર લોકસભા નિમણૂંક....૦૫
- પ્રિયદર્શિની ડો. કવિતા શાહ..................૦૬
- નટરાજ સી. પી. બાળકોની શાળા.............૦૭
- ડિપ્લોમા ઈન સ્પેશ્યલ એજ્યુકેશનલ............૦૮
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ .......૦૯
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ......................૧૧
- સાફલ્ય ગાથા..............................૧૨
- તળાજા રિસોર્સ સેન્ટર........................૧૨
- પી.એન.આર. હોસ્પિટલ ....................૧૩
- **સંસ્થામાં સેવારત ડૉકટરશ્રીઓ................૧૩**
- પ્રવીણ ચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર...૧૪
- અંબા સી. પી. હોસ્ટેલ.......................૧૪
- પ્રવાસ અહેવાલ...........................૧૫
- ડૉ. સંતોષભાઈ યાદવનો વિદાય સમારંભ......૧૬
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા.વિ.)...૧૬
- **શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા મહેતા છા...૧૭**
- **શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય........૧૮**
- શ્રીમતી પી.આર. વાધર સાધન-સહાય વર્કશોપ..૧૮
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ............૧૯
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા..........૨૦
- ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા ભાનુવાડી સેન્ટર..૨૧
- ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ .......................૨૧
- એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ્........૨૧
- લાઈબ્રેરી...................................૨૨
- PNR ફેમિલીનું ગેટ ટુ ગેધર.................૨૩
- ચિત્તલિયા ફેમિલી સંસ્થાની મુલાકાતે...........૨૩
- 'સક્ષમ' સંસ્થાનુ દ્વિતીય પ્રાંત અધિવેશન........૨૪
- પ્રેરણાદાયી દિવ્યાંગો..........................૨૪
- ડોનેશન લિસ્ટ..............................૨૫
- Eqrly Childhood Association Award.. ૨૬
- Mrs. Lucinda PNR ની વિઝીટે..........૨૬
- PNR તસ્વીર સમાચાર.....................૨૭


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## સંસ્થામાં મહેમાનશ્રીઓનું આગમન...

વાંચક મિત્રો,

જે પણ સંસ્થા કે NGO માં, જયાં કયાંય સારું કામ થતું હોય, તેની વિગતો સામાન્ય સમાજ, દાતાઓ, સરકાર સુધી પહોંચાડવામાં વિવિધ માધ્યમો દ્વારા પ્રચાર-પ્રસારની ખાસ આવશ્યકતા હોય છે. મિડીયા-ઈલેકટ્રોનિક મિડીયા વિગેરેની અગત્યતા છે જ, પરંતુ વ્યક્તિ જયાં સુધી નજરો-નજર જૂએ કે અનુભવ ના કરે ત્યાં સુધી એ સંસ્થા, એના ઉમદા કાર્યો કે પ્રવૃત્તિઓની વાસ્તવિકતાનો ખ્યાલ આવતો નથી. સ્વ. નટવરભાઈ દેસાઈ મુંબઈથી, ખાસ દાતાઓ-વેલ વિશર્સને ભાવનગરની આપણી દિવ્યાંગોની વિવિધ સંસ્થાઓની મુલાકાત માટે ખૂબ આગ્રહ કરીને મોકલતા અને આજે આ કાર્ય PNR ના પ્રમુખશ્રી ક્રિશ્નકાંતભાઈ ચિત્તલિયા (મુંબઈ) કરી રહ્યાં છે. અહીં વિવિધ પ્રકારના દિવ્યાંગોને શિક્ષણ-તાલીમ લેતા જોઈને કેટલાય સહૃદયી મહેમાનોના હૃદય દ્રવી ઉઠે છે, કેટલીય બહેનોનો રડી ઉઠે છે, જેને સાંત્વના આપવી પડે છે. આ મહેમાનોના હૃદયમાં પડેલી કરુણા-સંવેદના અહીં આવીને જાગૃત થાય છે અને તેઓ સંસ્થાને વિવિધ પ્રકારની મદદ કરે છે.

આ વાત એટલા માટે તાજી થઈ કે છેલ્લાં પચ્ચીસ વર્ષથી આપણી સાથે સક્રિય રીતે સંકળાયેલ ઈમ્પેકટ ફાઉન્ડેશન, યુ.કે. થી Mrs. Lucinda અને Mr. Russell સંસ્થાની મુલાકાતે આવી, વિવિધ કામગિરી નિહાળીને ગયા. અમેરિકાથી શ્રી બિપીનભાઈ શાહ, શ્રી કલ્પનાબેન વિગેરે તથા થોડા સમય પહેલા પ્રસિધ્ધ નાટયવિદ્ શ્રી પ્રવીણ સોલંકી ('ગુજ્જુભાઈ' શ્રેણીના લેખક) અને એમના 'હનુમાન' શ્રી લલિતભાઈ શાહ (ભારતીય વિદ્યાભવન, મુંબઈ), ત્યારબાદ સમગ્ર વિશ્વમાં જેમનું આદરથી નામ લેવાય છે તેવા પ્રસિધ્ધ ખગોળશાસ્ત્રી શ્રી જે.જે. રાવળ સાહેબ, મુંબઈની સુપ્રસિધ્ધ એવી વિર્લે પાર્લે કેળવણી મંડળના શ્રી હારિતભાઈ ચિત્તલિયા (ટ્રેઝરર), શ્રી વીરલભાઈ ચિત્તલિયા (CA) વિગેરેએ પોતાના પરિવાર સાથે આ સંસ્થાઓની મુલાકાતે આવી, અભિભૂત થઈ દિવ્યાંગોને સાંત્વના, કર્મચારીઓને પ્રોત્સાહન અને ટ્રસ્ટી-કાર્યકર્તાઓને બીરદાવી, સંસ્થાઓમાં એકમ નવું જોમ અને ઉત્સાહ ભરીને ગયા છે.

દાતાશ્રીઓ, વેલ વિશર્સ અને સૌ સહૃદયી વાંચકોને સંસ્થાની પ્રવૃત્તિઓ જોવા નિમંત્રણ છે.

અતિથિ દેવો ભવ :

✍ **કિરીટ રાઠોડ**

**'જે સારું કરી શકતાઓ તે બધું કરો, જે લોકો માટે કરી શકતા તે લોકો માટે કરો. જે રસ્તાથી કરી શકતા હો તે રસ્તેથી કરો, જેટલા લાંબા સમય સુધી કરી શકતા હો તેટલા વધુ સમય સુધી કરો.'**

✍ **હિલેરી કિલન્ટન**


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૩૫/૫૦૧**
  **૧૫ માર્ચ - ૨૦૨૪**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org


- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  વંશિકા ફોમ્સ, ભાવનગર
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  વંશિકા ફોમ્સ, ભાવનગર
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**




- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

### ◈ Visit of IMPACT Foundation's Officials

Mrs. Lucinda, Manager of IMPACT FOUNDATION,U.K. (UKIF) accompanied by Mr. Russell arrived in India at Ahmedabad Airport on 13th Feb 2024 wherefrom they were escorted by road to Bhavnagar and put up in Hotel FERN. Mr. Paras Shah, Secretary General, met the guests at the hotel and formally welcomed the guests on behalf of the PNR Society management.

The visit of the guests to the PNR Society was spread over three days-13th, 14th and 15th Feb 2024.Of these the 13th Feb was fully consumed in the journey. On 14 Feb. the guests visited all campuses and institutional set- ups raised by the PNR Society. On15th Feb morning the guests left for Rajkot by road as per their onward programme

### ◈ Visit to AT&T Technology Institute

Around 9 30 am both the guests reached AT&T Technology Institute run by the PNR Society for empowering disabled youths by imparting Computer Skills and assisting them in job placement and private business/ventures. The guests were accorded traditional welcome by presenting flower bouquets and applying Tilaks on their foreheads (anointing foreheads).The chief of AT&T Institute Mr. Suketu Shah took the guests round the premises and informed them about different computer courses being imparted to disabled youth such as Basic, DTP, Photoshop, etc. besides Hardware and Networking as also training in Mobile Reparing. Mr Suketu expressed grateful thanks to the IMPACT FOUNDATION and John Eskenazi Family for continuous financial assistance to the Institute.

### ◈ Visit to PNR Special Hospital

The guests were then taken to the PNR Special Hospital in a different campus where they were taken to different departments of the hospital. Mrs. Lucinda met Ophthalmologist Dr. Payal Arora in the Ophthalmogy department and discussed services offered. Dr. Arora informed her treatment/surgeries rendered to patients of Cataract, Squint Eye, Ptosis, etc. She also had interaction with patient-beneficiaries and their parents of Cataract, Squint Eve Surgeries, as also beneficiaries of plastic surgery of congenital deformity and also sought their response which satisfied her. She was seen very happy having talked to them. Mr. Paras Shah and Mrs. Jigna Solanki, Principal Incharge of C.P. School accompanied the guests and helped interaction by supplying complementary information.

### ◈ Visit to Dr. I. B. Sardharwala Early Intervention Center

Here the guests were briefed about each child and treatments being given by Mrs. Jignaben Solanki. The guests were impressed by the work of physiotherapists and the staff.

### ◈ Visit to C. P. School, Autism School, Dr. I. B. Sardharwala Speech and Audiology Center, Disha Vikas Project of National Trust, New Delhi and K. N. Shah High Tech Inclusive School.

Housed in Nataraj main Campus all the institutional setups were visited by the guests. They had interaction with staff and children beneficiaries. They were very much happy to observe systematic work done for empowering children with special needs.

### ◈ Meeting with Trustees

The meeting was attended by Mr. Bababhai Shah (Founder Trustee), Mrs. Ilaben Bababhai Shah, Mr. Paras Shah, Mr. Rakhashiya (Treasurer), Professor Dhandhukia (Joint Secretary), Mr. K. D. Padia (Officer on Special Duty) and Jignesh Parekh. The deliberations centered on expansion of present and future. The guests left on 15th Feb 2024.

### ◈ Activities in Brief

Nataraj Cerebral Palsy School's cultural programmes staged by its wards on the eve of consecration ceremony of Ram in Ram Temple in Ayodhya, IQ Assessment Camp, Drawing Competition for its wards, parents meeting and celebration of festivals; A Report on tour of wards of primary and secondary schools of K L Institute for the Deaf; K. N. Shah High Tech Inclusive School's extracurricular activities; Artificial Limb Center benefitting 149 handicapped; PNR Hospital's medical services to 4729 patients; Lodhawala Hospital's free diagnostic camps; AT&T Technology Institute's imparting Computer Skills to 163 disabled youths; Informative and useful articles on Psychology and Success Stories as also important news are carried in this issue.

# શ્રવણમંદ હિરલની સિધ્ધિ ગાથા ગુંજી રહી છે ચોતરફ...

**હિરલનું હીર પારખી શિક્ષકે તેને આપેલી તાલીમ રંગ લાવી.**

વાત છે શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં ધો. ૯ માં અભ્યાસ કરતી હિરલ વિક્રમભાઈ બારૈયાની. આ શ્રવણમંદ દીકરી હિરલના હીર અને તેનામાં રહેલા કૌશલ્યને પારખી, તેની પ્રતિભાને કંડારનારા શિક્ષકોને કારણે, આજે તે અન્ય દિવ્યાંગો માટે પ્રેરણારૂપ બની છે. બીજા શબ્દોમાં કહીએ તો તેની સિધ્ધિ બોલતી થઈ છે અને તેની સફળતા અન્યને સંભળાવા લાગી છે.

ભાવનગર નજીકના માલણકા ગામમાં, સામાન્ય શાળામાં ત્રણ વર્ષ અભ્યાસ કર્યા બાદ તેના માતા-પિતા નાનકડી હિરલને આ શાળામાં લઈ આવ્યાં. આ શાળા સદાય આવા બાળકોની રાહ જોતી હોય છે અને હિરલનું નસીબ પણ અહીંથી નવી દિશા તરફ ફંટાવાનું હતું.

શિક્ષક દક્ષાબેન સવજીયાણીના સંપર્ક અને માર્ગદર્શન હેઠળ હિરલનો અભ્યાસ શરૂ થયો. અભ્યાસ તો નર્સરીથી શરૂ થયો, પરંતુ હિરલની ઉડાન તો ત્યારથી જ ઉંચી હતી. શાળાના રમત શિક્ષક સંદીપભાઈ ગોસ્વામી આ હિરલનું હીર પારખી ગયા અને યોગ્ય તાલીમ આપવાનું શરૂ કર્યું. યોગ્ય તાલીમ અને પોતાનામાં રહેલા કૌશલ્યને કારણે હિરલ એક પછી એક સિધ્ધિ મેળવતી ગઈ. આજે તેની ઉંમર કરતા વધુ તેની પાસે મેડલ છે. ૧૦૦, ૨૦૦, ૪૦૦ મીટર, ૪×૧૦૦ રીલે દોડ જેવી સ્પર્ધામાં રાજ્ય અને રાષ્ટ્રિય કક્ષાએ ૧૩ સુવર્ણચંદ્રક, ૭ રજતચંદ્રક મળી ૨૦ ચંદ્રકો અને ૫૦,૦૦૦ થી વધુનો રોકડ પુરસ્કાર હિરલ મેળવી ચૂકી છે. તાજેતરમાં મુંબઈ ખાતે યોજાયેલ 'સાઈલેન્ટ ઓલમ્પિયાડ'માં ૪૦૦ મીટર દોડમાં સુવર્ણચંદ્રક, ૪×૧૦૦ રીલે દોડમાં રજતચંદ્રક મેળવી પોતાની આ સિધ્ધિના મુકુટમાં બે શિરમોર રત્ન પણ તેણે ઉમેર્યાં છે.

વાત માત્ર રમત-ગમતની જ નથી. લોક નૃત્ય, નાટક, વેસ્ટર્ન ડાન્સ, રંગોળી સ્પર્ધા જેવી કલા પ્રવૃત્તિમાં પણ હિરલ બારૈયા રાજય અને રાષ્ટ્રિય કક્ષાએ પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવી ચૂકી છે. મુંબઈ ખાતે યોજાયેલ સાઈલેન્ટ ઓલમ્પિયાડના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૧૧ રાજયના દિવ્યાંગોએ ભાગ લીધો હતો, જેમાં આ હિરલ બારૈયાએ પોતાની ટીમનું નેતૃત્વ કરી, ટીમ સાથે **રામ આયેંગે** સાંસ્કૃતિક કૃતિ રજૂ કરી, પ્રથમ નંબર મેળવ્યો હતો. વાત એટલેથી જ અટકતી નથી, આ દીકરી અભ્યાસમાં પણ એટલી તેજસ્વી છે કે આ હોશિયાર હીરલ દર વર્ષે પોતાના વર્ગમાં પ્રથમ નંબરે આવે છે.

એક ગામડામાંથી આવતી સામાન્ય ઘરની આ દીકરીના પરિવારમાં કોઈ સાઈન લેંગ્વેજ જાણતું નથી. હિરલે પોતિકી હોમ-સાઈન લેંગ્વેજ બનાવી લીધી છે અને તેનાથી પોતાના ઘરમાં વ્યવહાર સરસ રીતે કરી લે છે. આ સિધ્ધિ પણ જેવી તેવી નથી. બાળકમાં પ્રતિભા તો રહેલી હોય જ છે, યોગ્ય સમયે યોગ્ય પ્રોત્સાહન સાથેનું વાતાવરણ મળી રહે તો તેને આગળ વધતા કોઈ દિવ્યાંગતા અટકાવી શકતી નથી. હિરલ વિક્રમભાઈ બારૈયા તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

આજે અનેક શ્રવણમંદો માટે પ્રેરણારૂપ હિરલની આ યાત્રા સરળ ન હતી. એની માતા હંસાબેન કહે છે કે, ''હિરલ તે જન્મથી જ બોલતી સાંભળતી ન હતી. મને થતું કે મોટી થશે તેમ બોલતી થઈ જશે. સાત-આઠ વર્ષ આ રીતે રાહ જોઈ, પરંતુ હિરલ ન સાંભળતી ન બોલતી. એવામાં તેને ઓરી નીકળ્યાં. નવ દિવસ સુધી અન્નપાણી વગર તે રહી અને ત્યારે મને થયું મારી દીકરીનું શું થશે ? પરંતુ ઈશ્વર કૃપાથી તે સાજી થઈ ગઈ અને અભ્યાસ માટે અમારા ગામની નિશાળમાં તેને ભણવા બેસાડી. સાંભળવા-બોલવાની, મુશ્કેલીને કારણે તેના ત્રણ વર્ષ બગડયાં. એક શિક્ષકે કહ્યું ભાવનગરમાં આવા બાળકોની જ શાળા છે, ત્યાં તમે લઈ જાવ. અમે હિરલને લઈને શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં પહોંચ્યાં. હવે શાળા માટે ડૉકટરી અને બીજા-ત્રીજા સર્ટિફીકેટ જરૂર પડે. અમે બંને અશિક્ષિત એટલે આવી ખબર ન પડે. વળી આર્થિક પરિસ્થિતી પણ ખાસ નહીં. પરંતુ શરૂઆતથી જ આ બહેરાં-મૂંગા શાળાનો સહકાર મળ્યો અને દીકરી ત્યાં ભણવા લાગી. હું તો એમ કહીશ કે અમારી દીકરીને બીજો અવતાર અહી મળ્યો.''

હંસાબેન કહે છે, ''મારા ચાર સંતાનોમાં હિરલ લક્ષ્મીનું સ્વરૂપ લઈને આવી છે. તેના આવ્યાં પછી પ્લોટ લીધો, ઘર બનાવ્યું અને દીકરીએ પણ નામ રોશન કર્યું. એક માતા તરીકે આથી મોટો આનંદ બીજો શું હોય ?''

**- જ્યોતિ બારૈયા**

## નેશનલ કાઉન્સિલ મેમ્બર લોકસભા બેઠક માટે શ્રી ગિરીશભાઈ શાહની નિમણૂંક



ભાવનગર લોકસભાની ચૂંટણી નજીક આવતા ભાજપ દ્વારા ચૂંટણીલક્ષી કામગીરી સોંપવામાં આવી રહી છે.જેમાં પ્રદેશ ભાજપ દ્વારા રાજયની દરેક લોકસભા બેઠક પર નેશનલ કાઉન્સિલ મેમ્બરની નિમણૂંક કરવામાં આવી છે. ભાવનગર લોકસભા બેઠક પર શ્રી ગિરીશભાઈ શાહની નેશનલ કાઉન્સિલ મેમ્બર તરીકે નિયુકિત કરાઈ છે. અભિનંદન.

# મૂક-બધિર બાળકોની મૌન વ્યથા સમજે છે, ડૉ. કવિતા શાહ

**'દિવ્યાંગોના શિક્ષક તરીકે માત્ર વર્ગખંડ જ નહીં, પરંતુ આ બાળકોના વાલીઓ અને તેના પરિવાર સુધી આ વિશિષ્ટ શિક્ષિકની હૂંફ અને સંવેદના પહોંચી છે.'**



''મૂક-બધિર - દિવ્યાંગ બાળકોના શિક્ષક તરીકે સાઈન લેંગ્વેજ શીખવાનો અમારો વર્ગ ચાલતો હતો. પ્રોજેક્ટ દ્વારા સ્કીન પર સાઈન લેંગ્વેજ શીખવવામાં આવી હતી અને સાથે ઓડિયો દ્વારા પણ તે સંજ્ઞાને સ્પષ્ટ કરાવતી હતી. જો કે, દ્રશ્યોની સાથે કશું લખાણ આવતું ન હતું, જેના કારણે મુશ્કેલી અનુભવાતી હતી. આ વ્યથા મેં અનુભવી ત્યારે થયું; હું તો સાંભળી-બોલી શકું છું, પણ મૂક-બધિર બાળકો માટે? તેમને તો સંભળાવાનો પ્રશ્ન જ નથી અને માત્ર સંજ્ઞાઓ જ મહત્વની હોય છે. મૂક-બધિર બાળકોને આ સંજ્ઞાઓને વધુ સ્પષ્ટ કરતું લખાણ પણ જો મળી જાય તો? આ વ્યથાથી નિપજેલી સંવેદના મારા શિક્ષણ અને મૂક-બધિર બાળકો અને તેમના વાલીઓ સાથેના વ્યવહારમાં કેન્દ્ર બની ગઈ.''

આવા બાળકોને શિક્ષણ આપતા હજારો વિશેષ શિક્ષકો છે, પણ આ શિક્ષકોમાં ડૉ. કવિતા પારસ શાહ વિશેષ છે. ભાવનગર શહેરની કે.એલ. શાહ મૂક-બધિર શાળાના શિક્ષક ડૉ. કવિતા શાહ ૨૦૦૨થી આ મૂક-બધિર અને શ્રવણમંદ બાળકોના શિક્ષક તરીકે કાર્યરત છે. કવિતા શાહ કહે છે, ''મૂક-બધિર બધિરતા કે શ્રવણમંદતા એવી ખામી છે કે જે દેખાતી નથી, પરંતુ કદાચ સૌથી વધુ પીડાજનક છે. આવું બાળક બધું જ જુએ છે, પણ સાંભળી નથી શકતું અને એટલે કશું કહી પણ શકતું નથી. સ્કાઉટિંગ, એન.એસ.એસ. જેવી પ્રવૃત્તિઓથી જોડાયેલા હોવાને કારણે શાળા અને કોલેજકાળ દરમિયાન વિવિધ કેમ્પમાં જવાનું થતું અને તેના કારણે દિવ્યાંગ બાળકો સાથે મળવાનું પણ થતું. મારા પિતા બાબાભાઈ શાહ, પી.એન.આર. સોસાયટી અને સંલગ્નિત સંસ્થાઓના સંચાલક અને સ્થાપક. ઘરમાં પણ એ જ વાતાવરણ. તેના કારણે સંવેદના અને આ દિવ્યાંગોની વ્યથા શું છે? તે હું નજીકથી સમજી શકી. આ સંવેદનાએ જ મને વિશિષ્ટ શિક્ષકની તાલીમ લેવા પ્રેરણા આપી. આ માટે ડી.એડ., બી.એડ. સહિતની તાલીમ મેળવી, જયારે શિક્ષિકા તરીકે કામ શરૂ કર્યું ત્યારે મારું પહેલું વર્ગ કાર્ય નાના બાળકો સાથે હતું. આ બાળકો આમ પણ સમજતા ન હોય અને તેમાં પણ શ્રવણમંદ, મૂક-બધિર એટલે મારા માટે કસોટીરૂપ કામ હતું. પરંતુ આ કામમાંથી જ મને જે શીખવા મળ્યું, તે જ મારું સૌથી મહત્વનું ભાથું બન્યું.''

બાલમંદિરથી શરૂ કરી ધોરણ આઠ સુધીના બાળકો સાથે છેલ્લા ૨૨ વર્ષથી કવિતા શાહ કાયર્રત છે. ૧૯૯૩માં ડી.એડ. (એચ.આઈ.-હિયરીંગ ઈમ્પટિમેન્ટ) નો અભ્યાસ કર્યા બાદ, મૂક-બધિર અને શ્રવણમંદ માટે પ્રવૃત્તિ શરૂ કરી અને ૨૦૦૨થી ભાવનગરની કે.એલ. શાહ બહેરાં-મૂંગા શાળામાં શિક્ષિકા તરીકે કામ શરૂ કર્યું. સતત અપડેટ થવું જરૂરી છે તેમ માનતા કવિતા શાહે ૨૦૦૮માં બી.એડ. પણ પૂર્ણ કર્યું, તો ૨૦૧૧માં ક્રોસ ડિસેબિલિટી કોર્સ પણ કર્યો. અહીં પણ વાત અટકતી નથી. પી.એન.આર. સોસાયટીના તમામ કાર્યના તલસ્પર્શી અભ્યાસ સાથે મહા નિબંધ તૈયાર કરી, તેમાં પી.એચ.ડી. ની ઉપાધિ પણ મેળવી. આ સાથે ૨૦૨૩માં શિક્ષક કવિતા શાહ-ડૉ. કવિતા શાહ બન્યા.

કવિતા શાહની પ્રવૃત્તિ વર્ગ ખંડ સુધી નહીં, મૂક-બધિર બાળકોના માતા-પિતા, પરિવાર અને આવા બાળકોના લગ્ન પછીના દાંપત્ય જીવન સુધી વિસ્તરેલી છે. તે કહે છે, ''બાલમંદિરના બાળકોના માતા-પિતા અને ખાસ કરીને માતાને કાઉન્લિલિંગ અને બાળકોની ભાષા સમજાવવાનો પ્રયાસ હોય છે. એક સમયે શ્રવણમંદ કે મૂક-બધિર હોય તેવા વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરી, પોતાની કારકિર્દી અને પરિવારમાં ગોઠવાઈ ગયા હોય તેઓનું એક **બધિર મંડળ** ચાલે છે. આ લોકો હવે સામાન્ય જીવન જીવે છે, પરંતુ તે તમામ સાથે આજે પણ સ્નેહનો-હૂંફનો નાતો સતત જળવાયેલો છે.''

આ શિક્ષિકા વિશેષ એટલે પણ છે કે તેને બાળકો ઉપરાંત આ દિવ્યાંગ બાળકોના પરિવારની અને તેમના વ્યવહારની વધુ ચિંતા છે. ૨૦૧૫માં મૂક-બધિર બાળકોના વાલીઓ માટે 'અભિવ્યકિત' નામે એક ડીવીડી બનાવી. ઈન્ડિયન સાઈન લેંગ્વેજ પર આધારિત આ ડીવીડીમાં સાઈન લેંગ્વેજ, ચિત્ર, સ્ક્રીન ઉપર દેખાતા અક્ષરો-કેપ્શન તથા બોલાતી સ્કીપ્ટ-ઓડિયો, એ રીતે મલ્ટિપલ આઉટપુટનો ઉપયોગ કર્યો. બાળક મૂક-બધિર છે, પણ વાલી સાંભળી શકે છે, તો તે સાંભળીને સમગ્ર વાતને સમજી શકે. વળી કોઈ વાલી અભણ છે, તો તે ચિત્રો જોઈને પણ વાત સમજી જાય, એવા હેતુ સાથે આ ડીવીડી તૈયાર થઈ અને વાલીઓને વિનામૂલ્યે આપી. ટ્રસ્ટના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ અને માનદ્ મંત્રી ડૉ. અશ્વિનભાઈ પંડયા કહે છે, ''કવિતા શાહ અમારી શાળાનું ઘરેણું છે. અને તેમની જેવા શિક્ષકો દિવ્યાંગ બાળકો સાથેના આ કામને સેવા તરીકે જોઈ રહ્યાં છે અને તેથી તેના ઉત્તમ પરિણામો પણ મળી રહ્યાં છે.''

દિવ્યાંગોની સેવાનો સહજ વારસો ડૉ. કવિતા શાહને તેના પિતા દ્વારા મળ્યો, તો તેના પતિ પારસ શાહ પણ દિવ્યાંગો માટેની સંસ્થામાં સેક્રેટરી જનરલ તરીકે છેલ્લાં ૨૨ વર્ષથી કાર્યરત છે. તેમના બાળકો પણ પોતાના પ્રત્યેક જન્મદિવસની ઉજવણી સી.પી. સ્કૂલના બાળકો સાથે જ કરે છે. કવિતા શાહ કહે છે, ''બસ, ઈશ્વરે જે સમજ અને શકિત આપી છે તેનો ઉપયોગ કરી રહી છું અને આગળ ઉપર પણ પ્રચાર માધ્યમો, સોશિયલ મિડીયા દ્વારા દિવ્યાંગો પ્રત્યેની જાગૃતિનું કામ કરવું છે.''

**(સૌ. ચિત્રલેખા)**



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

**શ્રી રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ :**



"મેરી ઝોંપડી કે ભાગ, આજ ખૂલ જાયેંગે, રામ આયેંગે...રામ આયેંગે," તા.૨૦ જાન્યુ.`૨૩ના રોજ અયોધ્યા ખાતે શ્રી રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત, નટરાજ ઓડિટોરીયમ ખાતે શ્રી રામલલ્લાના સ્વાગતમાં ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં નટરાજ સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ, ઓટિઝમ સ્કૂલ અને પ્રોજેક્ટના બાળકો દ્વારા ખાસ રામલલ્લાની પ્રતિમાને ઉજાગર કરતા સાક્ષાત રામ સ્વરૂપ ધારણ કર્યું હતું. બાળકોએ રામાયણના આદરણીય પાત્રો શ્રી રામ, શ્રી સીતા શ્રી શબરીબાઈ, શ્રી મહાબલી હનુમાન વગેરેની વેશભૂષા ધારણ કરી હતી. સાથે-સાથે શ્રી રામપ્રભુના ભજને વાતાવરણને અયોધ્યામય બનાવી દિધું હતું. શિક્ષકો, વાલીઓ અને નાના ભૂલકાંઓ માટે પ્રાણ પ્રતિષ્ઠા અનુરૂપ વિવિધ રંગોળીનું આયોજન કર્યું હતું. જેમાં શ્રી રામ, શ્રી હનુમાન, અયોધ્યા, ધનૂષબાણ વગેરે જેવા વિષયો પર રંગોળીથી પ્રતિકૃતી બનાવવામાં આવી હતી. સંસ્થાના આદરણીય માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડની ઉપસ્થિતી અને વર્ગ મુલાકાતે ઉત્સાહમાં વધારો કર્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન/સંકલન શ્રી જીજ્ઞાબેન સોલંકીએ કર્યું હતું.

**ચિત્ર સ્પર્ધા :**

તા. ૬ ફેબ્રુ. `૨૪ના રોજ ડૉ. મિતુલભાઈ વાકાણી દ્વારા પોતાના જન્મ દિવસ નિમીત્તે નટરાજ સી.પી. સ્કૂલ તથા તેના સંલગ્નિત પ્રોજેક્ટનાં કુલ ૪૫ બાળકો માટે રંગપૂરણી કાર્યક્રમનું આયોજન કરેલ. સાથે તેઓના દ્વારા તમામ ૪૫ બાળકોને વિવિધ આકર્ષક ચિત્રોમાં રંગપુરણી માટે જરૂરી સામગ્રી જેવીકે સ્કેચપેન, મીણીયા કલર, કલર પેન્સિલ વિગેરે આપવામાં આવેલ અને કાર્યક્રમના અંતે બાળકોને બિસ્કિટ, ચોકોપાઈ તથા પેન આપી પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં. તેઓની આ ઉમદા ભાવના બદલ સંસ્થા પરિવાર તેમની આભારી છે. આ કાર્યક્રમનું સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકીનાં માર્ગદર્શન હેઠળ શ્રી તૃપ્તિબેન મહેતાએ કર્યુ હતું.

**IQ અસેસમેન્ટ કેમ્પ :**



તા. ૨૩ ફેબ્રુ. `૨૪ના રોજ સોહમ ફાઉન્ડેશનનાં સહયોગથી સી.પી. સ્કૂલના ૬ બાળકોના IQ અસેસમેન્ટ ડૉ. મૈત્રેયી શાસ્ત્રી દ્વારા કરવામાં આવ્યાં હતાં. આ અસેસમેન્ટની મદદથી બાળકોનાં વ્યક્તિગત શૈક્ષણિક આયોજન તથા તેનાં સર્વાંગી વિકાસ સાથે, તેનામાં અલગ-અલગ કૌશલ્યો વિકસાવવામાં આ ટેસ્ટ વિશેષ ઉપયોગી થાય છે. આ કેમ્પનું આયોજન શ્રી વરૂણભાઈ વ્યાસ અને શ્રી દિવ્યાબેન પટોરિયાએ શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું.

**વાલી મિટીંગ :**

તા. ૩૦ જાન્યુ. `૨૪ના રોજ વાલી મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં આગામી કાર્યક્રમ આયોજનો જેવા કે આઈ.કયુ. અસેસમેન્ટ કેમ્પની માહિતી, ખેલ મહાકુંભની વિવિધ રમતની તૈયારી અંતર્ગત ચર્ચા, વિશિષ્ટ શિક્ષણ સાથે ઈત્તર પ્રવૃત્તિના મહત્વની ચર્ચા સાથે માહિતીનું આદાન-પ્રદાન, નિરામયા હેલ્થ પોલીસી રિન્યુઅલની માહિતી, તથા નવા એડમિશન માટેની માહિતી, સાથે વાલીશ્રીઓને મુંજવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતુ.

**શહીદ દિનની ઉજવણી :**

તા. ૩૦ જાન્યુ. `૨૪ના રોજ શહીદદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વેશભૂષા,દેશભક્તિના ગીતો, ૨ મિનીટ મૌન દ્વારા શહીદોને વીરાંજલી આપવામાં આવેલ. સમગ્ર વાતાવરણ દેશભક્તિમાં લીન બની ગયેલ.

**વસંતપંચમીની ઉજવણી :**



આપણા દેશમાં વસંત પંચમીનો તહેવાર ખૂબ જ ધામધુમથી ઉજવાય છે. વસંત પંચમીનાં દિવસે જ્ઞાનની દેવી, મા સરસ્વતી દેવીનો જન્મ થયો હતો. તેથી આ દિવસે દેવી સરસ્વતીની પૂજા, અર્ચના કરવામાં આવે છે.

આપણા દેશમાં છ ઋતુઓ હોય છે. જે પોતાના ક્રમમાં આવીને પોતાનો રંગ બતાવે છે. પરંતુ વસંતઋતુને ઋતુઓની રાણી કહેવામાં આવે છે. વસંત હદયના ઉલ્લાસ, ઉમંગ, ઉત્સાહ અને મધુર જીવનનું ઉદાહરણ છે. આવી રંગીન ઋતુના વધામણા કરવામાં નટરાજ, સી.પી. સ્કૂલનાં બાળકો ક્યાંથી બાકાત રહી શકે?

પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ તથા તેનાં સંલગ્નિત વિભાગો દ્વારા તા. ૧૪ ફેબ્રુ.`૨૪ને બુધવારના રોજ વસંત પંચમીની ઉજવણી ખૂબજ ઉત્સાહભેર કરવામાં આવી હતી. સરસ્વતીમાના પૂજન-અર્ચન તથા તેના મહિમાનું વર્ણન કરતા ભક્તિગીતો, શ્લોકો દ્વારા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. શાળાના શિક્ષકો તથા તાલીમાર્થીઓ દ્વારા વસંતપંચમીનું મહત્વ સમજાવી, બાળકોને માહિતગાર કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જીજ્ઞાબેન સોલંકીનાં માર્ગદર્શન અનુસાર કરવામાં આવ્યું હતું.સાથે સંસ્થાના માનદ્ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ તથા સંસ્થાના કર્મચારી શ્રી રીનાબેન વસોયાને જન્મ દિવસની શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

**શાળા મુલાકાત :**



તા. ૧૪ ફેબ્રુ.`૨૪ના રોજ ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે.ના પ્રતિનિધિ મિસિસ લુસિન્ડા મેધર અને મિસ્ટર રસેલે પી.એન.આર. સોસાયટી સંચાલિત અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર વિદ્યાનગર, પી.એન.આર. હોસ્પિટલ,એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક, નટરાજ સી.પી. સ્કૂલ, ઓટિઝમ સ્કૂલ, પ્રિવેન્શન વિભાગ, દિશા કમ વિકાસ પ્રોજેકટ તથા હાઈટેક ઈન્કલુઝીવ શાળાની પ્રવૃત્તિઓની મુલાકાત લીધી હતી. લાભાર્થીઓ અને તેના વાલીઓ સાથે સંવાદ કરીને, સંસ્થા દ્વારા થયેલ પ્રશંશનીય કામગીરીથી ખુશી વ્યકત કરી હતી. તેમજ પી.એન.આર. સોસાયટીના મેનેજમેન્ટ, કમિટી મેમ્બર્સ સાથે મુલાકાત કરી, સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતીથી વાકેફ થયા હતા. આ મુલાકાત દરમ્યાન શ્રી પારસભાઈ શાહ, શ્રીજીજ્ઞાબેન સોલંકી, શ્રી જીજ્ઞેશભાઈ પારેખે સતત સાથે રહી જરૂરી માહિતી આપી હતી.

# ડિપ્લોમા ઈન સ્પેશ્યલ એજ્યુકેશનલ (DSE. M.D.)




✍ દિવ્યાબેન પટોરિયા


**વિઝીટ રિપોર્ટ (DSE. M.D.)**



પી.એન.આર. નટરાજ કોલેજ ખાતે અભ્યાસ કરતા (DSE. M.D.) ના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓને તા. ૧૮/૧૯ડિસેમ્બર`૨૩ના રોજ ફેકલ્ટી મેમ્બર્સ શ્રી દિવ્યાબેન પટોરિયા (સાયકોલોજીસ્ટ) અને વિશેષ શિક્ષક શ્રી કાર્તિકભાઈ વ્યાસ તથા પ્રથમ વર્ષના ૭ અને દ્વિતીય વર્ષના ૬ તાલીમાર્થીઓ દ્વારા અમદાવાદ ખાતે અંધજન મંડળ, હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન અને બી.એમ. ઈન્સ્ટિટ્યુટ ઓફ મેન્ટલ હેલ્થ, આ ત્રણ સંસ્થાઓની મુલાકાત લેવામાં આવી હતી. આ સંસ્થાઓની જાણકારી તેઓને ભવિષ્યમાં આ ક્ષેત્રમાં કાર્ય કરવામાં ઉપયોગી બનશે.




# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

**ડૉ. કેયુરભાઈ મહેતા તરફથી આર્થિક સહાય :**



સ્કૂલમાં તા. ૧૮-૧ ના રોજ ધો. ૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી મહેતા મેઘ અને મેઘના વાલી ડૉ. કેયુરભાઈ મહેતા કે જેઓ અવાર-નવાર જરૂરિયાતમંદ બાળકોની ફી તેમજ નાસ્તા માટે દાન આપતા હોય છે, આ વર્ષે પણ તેઓએ રૂા. ૧૦,૦૦૦/- ધો. ૯ ના વિદ્યાર્થી દવે યશ સંજયભાઈની વાર્ષિક ફી ભરી આપેલ છે, તેથી સંસ્થા તેમજ હાઈટેક ઈનકલુઝિવ સ્કૂલ તેમનો ખૂબ-ખૂબ આભાર માને છે.

**શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત રેલી :**

સ્કૂલમાં તા. ૨૨-૧ ના રોજ અયોધ્યા ખાતે શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી થવાની હતી, તે અંતર્ગત સ્કૂલમાં તા. ૧૯-૨ ના રોજ **રેલી**નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બાળકોએ **જયશ્રી રામ**ના નારા દ્વારા આજુ-બાજુના વિસ્તારમાં ભક્તિમય વાતાવરણ ઉભું કરેલ. ત્યારબાદ શાળાના પટાંગણમાં શ્રી રામના અક્ષરની પ્રતિકૃતિ બાળકો દ્વારા બનાવવામાં આવેલ. આ કાર્યક્રમમાં શાળાના દરેક શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**શ્રીરામ આગમન મહોત્સવનું આયોજન :**

સ્કૂલમાં તા. ૨૨-૧ ના રોજ અયોધ્યા ખાતે શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી અંતર્ગત શાળામાં તા.૨૦-૧ ના રોજ **શ્રીરામ આગમન મહોત્સવ**નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં બાલમંદિર થી ધો. ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો દ્વારા પ્રાર્થના, બાલગીત, રામધૂન, ભજન, નાટક, ગીત વગેરે શ્રીરામ ભગવાન પર આધારિત રજૂ કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓએ રામ, લક્ષ્મણ, સીતા, હનુમાન, શબરી જેવા પાત્રો ભજવ્યાં હતાં. આ ઉપરાંત રામાયણ આર્ટ ગેલેરીના પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું, તેમાં શ્રીરામ જન્મથી લઈ, પૂરી રામાયણ અંકિત થાય તેવા ચિત્રો વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ.

**ટેકવોન્ડો ગેમમાં શહેર કક્ષાએ પ્રથમ ક્રમાંક :**



ખેલ મહાકુંભ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત અને જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, ભાવનગર દ્વારા જિલ્લા કક્ષાની **ટેકવોન્ડો સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલની ધો. ૯ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની વાઘેલા ક્રિનલ અજયભાઈએ સુંદર દેખાવ કરી, પોતાનું કૌશલ્ય બતાવી, જિલ્લા કક્ષાએ **ગોલ્ડ મેડલ** પ્રાપ્ત કરેલ. ત્યારબાદ સ્ટેટ લેવલ રમવા જશે. આ સિધ્ધિ બદલ શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોએ અભિનંદન પાઠવ્યાં હતાં.

**ખગોળશાસ્ત્રી ડૉ. જે. જે. રાવળ સાહેબનો વાર્તાલાપ :**

સ્કૂલમાં તા. ૨૪-૧ ના રોજ પ્રસિધ્ધ ખગોળશાસ્ત્રી **ડૉ. જે. જે. રાવળ સાહેબનો વાર્તાલાપ** યોજાયેલ. ડૉ. જે. જે. રાવળ સાહેબ કે જેઓએ મુંબઈ યુનિવર્સિટીમાંથી PHD TIFR દ્વારા એસ્ટ્રોફિઝિક્સની ડિગ્રી પ્રાપ્ત કરેલ. વર્તમાનમાં તેઓ President, The Indian Planetary Society નો હોદ્દો ધરાવે છે. તેઓ અનેક પ્લેનેટોરીયમ, વિજ્ઞાન કેન્દ્ર અને વિજ્ઞાન પરિષદોના સલાહકાર બોર્ડમાં રહ્યાં છે અને ભારતમાં તેઓ શ્રી મનુભાઈ મહેતા એવોર્ડ, મનોરમાબાઈ એવોર્ડ, સરકાર દ્વારા વિજ્ઞાન લેખન માટે પુરસ્કાર ધરાવે છે. સૂર્યમંડળમાં તેમની શોધો બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. મહાસંઘ અને મરાઠી વિશ્વ વિખ્યાત વૈજ્ઞાનિક પ્રોફેસર બી.એમ. ઉદગાવકરના હાથે જ્ઞાન પરિષદનું સંયુકત આયોજન અને TIFR ના વરિષ્ઠ પ્રોફેસર છે. માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે હિન્દી, ગુજરાતી, અંગ્રેજીમાં ખગોળશાસ્ત્ર અને વિજ્ઞાન પર ૨૦ પુસ્તક લખ્યાં છે જેવા કે, સૂર્યમંડળ ભાગ-I-IV, સૂર્યગ્રહણ, સ્વતંત્રતા પછી ભારતમાં વિજ્ઞાન, પ્લેનેટોરિયમના જન્મની વાર્તા, ધ વંડરફુલ સ્કાય, બ્રહ્માંડમાં આપણું સ્થાન, સાયન્ટિસ ઓફ ધ મિલેનિયમ, ખગ્રાસ સૂર્યગ્રહણ, સહસ્ત્રાબ્દીના વૈજ્ઞાનિકો, ભારતીય ખગોળશાસ્ત્ર : પ્રાચીન અને આધુનિક વગેરે પુસ્તકો લખ્યાં છે. તેમને અનેક

પુરસ્કારો પ્રાપ્ત થયા છે અનેક સંશોધનો કર્યા છે. ગુરુ, શનિ, યુરેનસ, અને નેપ્ચ્યુલ ગ્રહોની આસપાસ વધુ ઉપગ્રહોની આગાહી પણ તેમણે કરી હતી. આવા મહાનુભાવ સ્કૂલમાં બાળકોને બ્રહ્માંડની, તેમજ સૌર મંડળ અને સૂર્ય વિશે વિસ્તૃત માહિતી પ્રદાન કરેલ. સૌર ઉર્જા વિશે વિશેષ સમજાવેલ. ત્યારબાદ બાળકોને તેમના ઉદ્દભવેલ તમામ પ્રશ્નોનું સચોટ અને સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમનું શાબ્દિક સ્વાગત માનદ્દ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા અને પ્રસંગોચિત ઉદબોધન સંસ્થાના જોઈન્ટ સેક્રેટરી અને હાઈટેક સ્કૂલના ચેરમેન શ્રી ધીરૂભાઈ ધંધુકિયા દ્વારા કરવામાં આવેલ. તેમજ આભારવિધિ શ્રી દક્ષાબેન પંડયાએ કરેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાના નેતૃત્વ હેઠળ થયું હતું.

**'રાષ્ટ્રિય મતદાન દિવસ' અંતર્ગત પ્રતિજ્ઞા લેવામાં આવી :**

સ્કૂલમાં તા. ૨૫-૧ ના રોજ ધો. ૭ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા **રાષ્ટ્રિય મતદાન દિવસ** અંતર્ગત પ્રતિજ્ઞા લેવામાં આવી. મતદાન માટે યોગ્ય ઉંમર ન હોવા છતાં, પોતાના વડીલો, તેમજ આસપાસમાં જે મતદાન કરી શકે તેમને પ્રોત્સાહિત કરવાનો થનગનાટ બાળકોમાં જોવા મળ્યો. શાળાના શિક્ષક મિત્રોએ પણ સાથે પ્રતિજ્ઞા લીધી અને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

**પ્રજાસત્તાક દિનની ઉજવણી :**

સ્કૂલમાં તા. ૨૬-૧ ના રોજ ૭૫મા પ્રજાસત્તાક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મહેમાન શ્રી પ્રદીપભાઈ ભટ્ટ, તેમજ શ્રીમતી રેખાબેન ભટ્ટ, સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ્દ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકી, હાઈટેક સ્કૂલ અને સી.પી. સ્કૂલના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ આ કાર્યક્રમમાં સહભાગી થયા હતાં. સૌ પ્રથમ મહેમાનશ્રીના વરદ હસ્તે ધ્વજવંદન કરી રાષ્ટ્રગાન કરવામાં આવ્યું અને તેના વકતવ્યમાં દેશના નામી-અનામી શહીદોનું સ્મરણ કરવામાં આવેલ. તેમજ ભારતના બંધારણના ઈતિહાસની ઝાંખી આપી, સૌને દેશ માટે ઉપયોગી કાર્યો કરવાનો દ્રઢ સંકલ્પ કરવા સૂચવ્યું. પ્રજાસત્તાક દિન નિમિત્તે શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાંથી દિવ્યાંગ બાળક કરમટિયા સમર્થે, ગાંધીજીની વેશભૂષાની સાથે ગાંધીજીના જીવન-કવન વિશે પરિચય આપ્યો હતો. ત્યારબાદ નટરાજ સી.પી. સ્કૂલના બાળકો દ્વારા દેશભક્તિના ગીતો, અમીર શહીદના અભિનય, સંગીત ખુરશી જેવી વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રજાસત્તાકનો આ કાર્યક્રમ અમારા માટે પ્રેરણાદાયી બની રહ્યો. કાર્યક્રમના અંતે શાળાના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા દિવ્યાંગ બાળકોને સાધન સહાય, તેમજ ડાયેટ કીટ વિતરણ કરવામાં આપી હતી.

**'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ :**

સ્કૂલમાં તા.૨૯-૧ ના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રીના **'પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪'** કાર્યક્રમનું ૧૧:૦૦ કલાકે લાઈવ પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. જેમાં શાળાના ધો. ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્ય પણ જોડાયા હતાં. આ કાર્યક્રમમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા પરીક્ષાને લગતા મુંજવણ ભર્યા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. તદ્દ ઉપરાંત આગળ અભ્યાસ માટે કયું માધ્યમ પસંદ કરવું, સાથે કયો વિષય પસંદ કરવો વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓમાં ઉદ્દભવતા પ્રશ્નોનું નિરાકરણ કઈ રીતે લાવી શકાય તે આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હતો.

**ગ્રાહક સુરક્ષા અંતર્ગત સેમિનારનું આયોજન :**




સ્કૂલમાં તા.૯-૨ ના રોજ **ગ્રાહક સુરક્ષા અંતર્ગત સેમિનાર** નું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં અખિલ ભારતીય ગ્રાહક પંચાયતના અધ્યક્ષ શ્રી જયંતભાઈ કથીરિયા, સૌરાષ્ટ્ર પ્રાંત સંયોજક ગ્રાહક પંચાયતના શ્રી નારણભાઈ મોરડિયા, સંગઠન મંત્રી શ્રી વસંતભાઈ પટેલ, ખજાનચી શ્રી ભરતભાઈ માલવિયા, પી.એન.આર. સંસ્થાના ટ્રસ્ટી, તેમજ ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ શ્રી ડી.જે. ધંધુકિયા, PGVCL ના નિવૃત ચીફ એન્જિનિયર શ્રી તન્નારાણા સાહેબ, એડવોકેટ શ્રી વિજયભાઈ ગોરજીયા, ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળના મંત્રી શ્રી મયંકભાઈ ગોસાઈ, હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા, સમગ્ર સ્ટાફ તેમજ ધો. ૪ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ. શ્રી જયંતભાઈ કથીરિયાએ બાળકોને એક ઉત્તમ નાગરિક અને માતા-પિતાની સેવા કરે, સમાજ સેવા કરે, દેશની સેવા કરે અને સંસ્થાનું નામ રોશન કરી, પોતાના વ્યકિતત્વ ઘડતર અંગે સુંદર વાર્તાલાપ આપેલો. શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબે ગ્રાહક પંચાયત શું છે ?, શું કરે છે ? અને વ્યકિત જન્મથી મૃત્યુ સુધી ગ્રાહક છે. એ બાબતથી બાળકોને અવગત કરેલ. ગ્રાહક જાગૃતિ વિશે પણ ટૂંકમાં

સમજાવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા, શ્રી તેજસ્વીબેન, તેમજ પ્રિયંકાબેન દ્વારા આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

**શુભેચ્છા સમારંભ :**

સ્કૂલમાં તા.૧૪-૨ ના રોજ ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓના **શુભેચ્છા સમારંભ** કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ, શ્રી ઈલાબેન, હાઈટેક સ્કૂલના ચેરમેન અને મહિલા કોલેજના નિવૃત પ્રિન્સિપાલ શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, ટ્રેઝરર શ્રી હર્ષકાંત રાખશિયા, શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા, શિક્ષકો તેમજ ધો. ૧ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિરહેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ ધો. ૧ થી ૧૧ ના તમામ વિદ્યાર્થીઓ દ્વારા 'રામ આયેંગે'..., જહાં પાવ મેં પાયલ..., રણછોડ રંગીલા..., જમાલકુડું..., ગુલાબી શરારા..., દોસ્તી મેં શપ..., કરાટે..., બ્રાઝિલ ડાન્સ જેવી કૃતિઓ રજૂ કરવામાં આવેલ. આ કૃતિઓની પ્રસ્તુતિ જોઈને ઉપસ્થિત મહેમાનશ્રીઓ અને વિદ્યાર્થીઓ ખૂબ જ આનંદિત થઈ ગયા હતાં. કૃતિઓ રજૂ કર્યા બાદ ધો. ૧૦ ના વિદ્યાર્થી માંધલ જયવિન મનહરભાઈ અને ધો. ૧૨ ની વિદ્યાર્થીની સરવૈયા ખુશી વિજયસિંહ દ્વારા શાળાના શિક્ષકો અને પોતાના સહપાઠીઓ સાથે થયેલ અનુભવો રજૂ કરવામાં આવ્યાં હતાં. હાઈટેક સ્કૂલના ચેરમેન શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબે ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓને વ્યકિતત્વ ઘડતર વિશે મોટિવેશન કરી, આગળ વધવાની પ્રેરણા પૂરી પાડેલી. સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈએ પણ ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી સ્કૂલનું નામ રોશન કરે, તેમજ સમાજ સેવા અને સારા નાગરિક બને તેવા શુભાશિષ પાઠવેલ. ત્યારબાદ ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા શાળાને સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું એન્કરિંગ શિક્ષક શ્રી પ્રિયંકાબેન વ્યાસ અને અર્ચનાબેન ડાભી દ્વારા કરવામાં આવેલ. તેમજ સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા અને આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

**વસંત પંચમી પર્વની ઉજવણી :**



સ્કૂલમાં તા. ૧૪-૨ ના રોજ **વસંત પંચમી પર્વ** નિમિત્તે સરસ્વતી વંદના કાર્યક્રમ અંતર્ગત બાલમંદિરના દરેક બાળકોએ સરસ્વતીમાની પૂજા કરી. શ્લોક

યા દેવી સર્વભૂતેષુ વિદ્યા-રુપેણ સંસ્થિતા ।

નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમ : ।।


સાથે, આરતી કરવામાં આવેલ. તેમજ **ચલો ડે** ની પણ ઉજવણી કરવામાં આવેલ. જેમાં દરેક બાળકોએ પીળા કલરના વસ્ત્રો પરિધાન કરેલ. ત્યારબાદ રોજિંદી ઉપયોગી પીળા રંગની વસ્તુ જેવી કે, લીંબુ, હળદર અને અલગ-અલગ ફળ અને ફુલોનો પરિચય કરાવવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ શ્રી દક્ષાબેન પંડયા, શ્રી હીનાબેન અને પ્રિયંકાબેન દ્વારા કરવામાં આવેલ.



# દિશા કમ વિકાસ પ્રોજેકટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



**વોકેશનલ એક્ટિવિટી :**

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા આ દિશા કમ વિકાસ પ્રોજેકટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત નવેમ્બર માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ અક્ટિવિટીમાં **મનીકવર ડેકોરેશન, શુભ-લાભ હેન્ગિંગ અને ચોકલેટ**બનાવતા શીખવવામાં આવ્યું હતું.

**લોકલ પ્રોજેકટ કમિટી મિટીંગ :**

તા. ૨૫/૧ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેકટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં વિવિધ મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ જેમાં સંસ્થાના નટરાજ કેમ્પસમાં ૨૬મી જાન્યુઆરીની ઉજવણી કરવા બાબત, નવા બાળકોનું એનરોલમેન્ટ કરવા બાબત અને ડિસેબિલિટી સર્ટીફિકેટ અને આવકના દાખલા રીન્યુ કરાવવા મુખ્ય હતાં.

**પતંગોત્સવની ઉજવણી :**

તા. ૧૩ જાન્યુનાં રોજ તથા દિશા કમ વિકાસ પ્રોજેક્ટના દિવ્યાંગ બાળકોને 'નિસ્બત ફાઉન્ડેશન' દ્વારા પતંગ વિતરણ, શ્રી ભદ્રેશભાઈ જાની તરફથી ચીકી તથા શ્રી ભાવિનભાઈ ભીંગરાડિયા તરફથી ગરમ નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટના દિવ્યાંગ લાભાર્થીઓ, સ્ટાફ તથા વાલીઓએ સાથે મળીને પતંગ ઉત્સવની ઉજવણી કરી હતી. જેમા સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ તથા ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, ઇન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન સોલંકી વગેરેએ ખાસ ઉપસ્થિત રહી, સૌ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

**પ્રવાસ આયોજન :**

તા. ૧૦ જાન્યુનાં રોજ નટરાજ સી.પી. સ્કૂલ સાથે, દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓના એક દિવસીય પ્રવાસનું આયોજન ગ્રામ વિહાર રીસોર્ટ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪૫ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકગણે ભાગ લીધો હતો. જયાં તેઓએ ગ્રામીણ પહેરવેશનો આનંદ માણ્યો હતો. સંગીતની ધુન પર નાચ્યા બાદ, જાદુનો ખેલ તથા કઠપુતળીનો ખેલ જોયો અને એડવેન્ચર સ્પોર્ટસનો આનંદ મેળવ્યો હતો. ત્યાર બાદ ઘોઘા પોર્ટ ખાતે રો-રો ફેરીનો આનંદ મેળવ્યો હતો.

**રામ મંદિરની સ્થાપનાની ઉજવણી :**



તા. ૨૦ જાન્યુનાં રોજ નટરાજ સી.પી. સ્કૂલ સાથે, દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ દ્વારા રામ મંદિર સ્થાપનાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ માટે વેશભૂષા પ્રતિયોગીતાનું આયોજન કરવામાં આવેલ. તેમાં પ્રોજેક્ટના ૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તથા રામજી મંદિરની સ્થાપનાની ખૂશી દર્શાવતું "મંગલ ભવન અમંગલ હારી" ભજન પર પ્રાર્થના રજૂ કરી હતી.

## સાફલ્ય ગાથા - તનીષ



**બાળકનું નામ -** સિંધવા તનીષ કોમલબેન **ઉંમર -** ૮ વર્ષ

**ડિસેબિલિટી -** મલ્ટીપલ ડિસેબિલિટી **ટ્રેનિંગનો સમયગાળો -** ૬ વર્ષ

**શિક્ષકનું નામ -** પાડલિયા હર્ષાબેન કે.



### સારવાર પહેલાં

જયારે બાળક દિશા કમ વિકાસ પ્રોજેક્ટમાં આવ્યું ત્યારે અતિશય લાળ પડતી હતી, ચાવી શકતો ન હતો, જાતે જમી શકતો ન હતો. ગ્લાસ પકડી પાણી પી શકતો ન હતો, બાળક પોતાની દૈનિકક્રિયા કરવામાં અક્ષમ હતો.

### સારવાર બાદ

ટ્રેનિંગ બાદ બાળક પ્રોજેક્ટના સમય દરમ્યાન માતા વગર લાંબા સમય સુધી બેસીને પ્રવૃત્તિ કરતાં શીખ્યું છે. જેમ કે લંચ બોક્સમાંથી વેફર, બિસ્કીટ, ભાખરી મોં સુધી લઈ જઈ જાતે ખાતા શીખ્યું છે, ગ્લાસથી પાણી પીતા શીખ્યો છે. આમ, બાળકોની રોજીંદા જીવનની ક્રિયામાં એ.ડી.એલ., શિક્ષણ વિગેરે દ્વારા ખૂબ જ સુધારો જોવા મળે છે.

## તળાજા રિસોર્સ સેન્ટરના દિવ્યાંગ બાળકો દ્વારા શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે કાર્યક્રમ



પી.એન.આર. સોસાયટી સંચાલિત, તળાજા ખાતે ચાલતા રિસોર્સ સેન્ટરના દિવ્યાંગ બાળકોએ શ્રી રામ મંદિર અયોધ્યાની પ્રાણ પ્રતિષ્ઠા નિમીત્તે ઉજવણી કરી હતી. દિવ્યાંગ બાળકો દ્વારા એક સામૂહિક આરતીનું આયોજન કર્યું હતું. તેમાં ૧૫૧ દીવા પ્રગટાવીને **॥ જયશ્રી રામ ॥** ના નારા સાથે આરતી ઉતારી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સેન્ટરના શ્રી પંકજભાઈ કટકિયા (સ્પેશ્યલ એજ્યુકેટર) દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. અંતમાં બાળકોને પ્રસાદી રૂપે નાસ્તો આપવામાં આવ્યો હતો.



# પી. એન. આર. હૉસ્પિટલ

✍ મહાસુખભાઈ જકડિયા



**જાન્યુઆરી - ૨૪ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૬૬ | ૦૮ - ૦૬ |
| આંખ | ૧૩૫૨ | - - ૪૩૮ |
| આંખની છારી | - | ૪૨ - - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૬૭ | ૧૮૫ - ૦૭ |
| ઓર્થોસ્કોપી | ૩૧ | - - ૦૧ |
| ઓર્થોડેન્ટલ | ૧૭૫ | ૧૭૭ - - |
| જનરલ ઓપીડી | ૭૭૯ | - - - |
| એક્ષ-રે | ૧૪૪ | - |
| લેબોરેટરી | ૪૯૩ | ૧૮૪૭ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૪૪ | - |
| આંખના પડદા | ૨૭ | - |
| પેઈન મેનેજમેન્ટ વિભાગ | ૨૧ | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૪૧ | - |
| **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | ૫૧ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૨૧ | ૦૬ |
| પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૬ | ૧૩ |

આ માસ દરમિયાન કુલ **૪૭૨૯** દર્દીઓએ લાભ લીધો હતો.

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૧૨૭** લાભાર્થીઓએ **રૂા. ૧૬૫૮૫/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૩** લાભાર્થીઓએ **રૂા. ૨૯૮૦/-** ની સહાય મેળવેલ છે.

## સંસ્થામાં સેવારત ડૉક્ટરશ્રીઓ.

## ૧. ડૉ. જયંત ધંધુકિયા (M.B.B.S.)



"મારે ધંધુકિયા સાહેબને બતાવવાનું છે. સાહેબ ક્યારે આવશે ?" PNR હોસ્પિટલમાં સોમવારથી શનિવાર, સવારે અને સાંજે આ પ્રકારની પૂછપરછ સતત જોવા-સાંભળવા મળે. આ પૂછપરછ પાછળ કારણ છે, ૧૩ વર્ષથી અહીં મેડિકલ ઓફિસર તરીકે સેવા આપતા ડૉ. જયંતિલાલ ધંધુકિયાની સેવા. માત્ર દસ રૂપિયામાં આ હોસ્પિટલમાં મળતી તબીબી નિદાનની સેવા આ ડૉ. ધંધુકિયા દ્વારા થઈ રહી છે.

૨૦૧૦માં મેડિકલ ઓફિસર તરીકે સંસ્થામાં જોડાયેલા ડૉ. જે. એચ. ધંધુકિયા, પોતાની ૮૫ વર્ષની વયે પણ નિરંતર, સાતત્યપૂર્ણ રીતે પોતાની સેવા આપી રહ્યાં છે. દર્દીઓને શાંતિથી સાંભળવાના અને તેમને પૂરી માહિતી સાથે નિદાન કરવું, તે તેમની ખાસિયત રહી છે. તેમની આ લાક્ષણિકતાને કારણે છેલ્લાં ૧૩ વર્ષમાં ૮૧૦૦૦થી વધુ દર્દીઓને તેમણે તપાસ્યા છે અને યોગ્ય નિદાન અને દવા-સારવાર આપી છે.

ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં પણ વિઝિટીંગ મેડિકલ ઓફિસર તરીકે સેવા આપતા આ તબીબ, વાંચનનો શોખ ધરાવે છે. ૮૫ વર્ષની વયે પણ તેમની સક્રિયતાનું રહસ્ય પણ તેઓ દર્દીઓને જ ગણાવે છે. તેઓ કહે છે, "રોજ સવારે ઉઠું ત્યારે થાય, આજે પણ કેટલાય લોકો સાજા થવા માટે મારી રાહ જોતા હશે. કેટલાકની તકલીફોનો ઈલાજ ઈશ્વરે મારા હાથે લખ્યો હશે. બસ, આ વિચારો સાથે હું દોડવા લાગુ છું."

PNR હોસ્પિટલમાં આ ડૉક્ટરશ્રીની ઓ.પી.ડી. સોમવારથી શનિવાર સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ અને સાંજે ૫-૦૦ થી ૭-૦૦ છે. (નોંધ :- PNR અને લોઢાવાળા હોસ્પિટલમાં લાંબા સમયથી કાર્યરત ડૉક્ટરશ્રીઓની સેવાઓને બીરદાવવાનો નમ્ર પ્રયાસ છે.જે હવે ક્રમબધ્ધ 'કોશિશ...' માં આવશે.-તંત્રીશ્રી)



# પ્રવીણચંદ્ર દલાલ
# ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર

જીજ્ઞેશ પારેખ



**૧. પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :**


તા. ૧ થી ૫ જાન્યુ.`૨૪ ના રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેકટ અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન, દાતાશ્રી **સ્ટેકબેક ઝવેલરી પ્રા. લિ.-મુંબઈ**ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૫૧** બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી **૪** કપાયેલાં હોઠ, **૫** તાળવામાં કાણું અને **૯** હાઈપોસ્પેડિયા એમ કુલ **૧૮** ઓપરેશન કર્યા હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા અને ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

**૨. યુપા ફ્રેશ પ્રા. લિ.-મુંબઈ ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ :**

વર્ષ ૨૦૨૩`-૨૪ માં **યુપા ફ્રેશ પ્રાઈવેટ લિમિટેડ-મુંબઈ**ના આર્થિક સહયોગથી આ પ્રોજેકટ શરૂ કર્યો છે. આ પ્રોજેકટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોના આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી, રિફ્રેક્ટીવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાપણ, બાળ મોતિયો, તેમજ કાનમાં ઈયર ડિસ્ચાર્જ વિ.નું ડૉકટર દ્વારા નિદાન અને તેની સારવાર-સર્જરી વિનામૂલ્યે કરી આપવામાં આવે છે.




જાન્યુ. `૨૪ દરમિયાન ઘોઘા અને ભાવનગર તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૭૯૮૦ બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની વિવિધ તકલીફવાળા ૨૬૯ બાળકો મળ્યાં અને કાનની વિવિધ તકલીફવાળા ૧૨૯ બાળકો જોવા મળ્યાં હતાં. બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ અન્વયે ૧૬૫૦ બાળકોને ચશ્મા વિતરણ કરવામાં આવ્યું હતું. કાનની તકલીફવાળા ૨૦ બાળકોને પી.એન.આર. હોસ્પિટલમાં વધારાની ટ્રીટમેન્ટ માટે રિફર કર્યા હતાં. તેમાંથી સંસ્થાની હોસ્પિટલમાં ડૉ. અશોકભાઈ બારૈયા (ENT સર્જન) Tympanoplasty અને Mastoidectomy With Tympanoplasty દ્વારા ૭ સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવી છે.



# અંબા સી.પી. હોસ્ટેલ

## જાન્યુઆરી-ફેબ્રુઆરી - ૨૦૨૪

લાલજી પંડયા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

### ભોજન / મિષ્ટાન

- તા. ૨૨-૧ ના રોજ શ્રી બાપા સીતારામ ગ્રુપ તરફથી...
- તા. ૩-૨ ના રોજ શ્રી ભાર્ગવભાઈ ઘોરી તરફથી...
- તા. ૫-૨ ના રોજ શ્રી મુકેશભાઈ પુરોહિત તરફથી...
- તા. ૬-૨ ના રોજ શ્રી કલ્પનાબેન પુરોહિત તરફથી...
- તા. ૭-૨ ના રોજ શ્રી હઝેફા સાઈકલવાલા તરફથી...
- તા. ૮-૨ ના રોજ શ્રી નિકીતાબેન સલોત તરફથી...
- તા. ૧૧-૨ ના રોજ શ્રી જીતેષભાઈ સલોત તરફથી...
- તા. ૧૩-૨ ના રોજ શ્રી સંતોષભાઈ ક્ંટારિયા તરફથી...
- તા. ૧૪-૨ ના રોજ શ્રી દીક્ષિતભાઈ વિરડીયા તરફથી...

### નાસ્તો

- તા. ૨૦-૧ ના રોજ શ્રી મહેશભાઈ કાકિડયા તરફથી...
- તા. ૨૬-૧ ના રોજ શ્રી અમીરભાઈ તરફથી...
- તા. ૫-૨ ના રોજ શ્રી જયંતિભાઈ પુરોહિત તરફથી...
- તા. ૬-૨ ના રોજ શ્રી પરેશભાઈ પુરોહિત તરફથી...
- તા. ૯-૨ ના રોજ ડૉ. જનકભાઈ શાહ તરફથી...
- તા. ૧૧-૨ ના રોજ શ્રી અંકિતાબેન સલોત તરફથી...
- તા. ૧૫-૨ ના રોજ શ્રી રાજુભાઈ હકાણી તરફથી...

- તા. ૨૨-૧ ના રોજ હોસ્ટેલના બાળકો દ્વારા રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમીત્તે ફટાકડા ફોડી પર્વની ઉજવણી કરવામાં આવી. -તા. ૨૨-૧ ના રોજ બાપા સીતારામ ગ્રુપ તરફથી હોસ્ટેલના બાળકોને પેડ તથા કંપાસ બોક્સ આપવામાં આવેલ.
- તા. ૨૬-૧ ના રોજ હોસ્ટેલના બાળકો દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી.

# 'કચ્છ પ્રવાસ અહેવાલ'



શ્રી શાહ ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી

મહાલક્ષ્મીબેન અને જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા તા. ૧૦ જાન્યુઆરીના રોજ કચ્છ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

''ઘટમાં ઘોડા થનગને, આતમ વિંઝે પાંખે,
વણ દીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ.''

ઉપરોક્ત પંક્તિમાં દર્શાવ્યા મુજબ વણ દીઠેલી ભોમ એટલે અણ જોયેલી ભૂમિ પર જયારે યૌવન આંખ માંડે ત્યારે તેને થયેલા કંઈ કેટલાય અનુભવ, કેટલીય વ્યક્તિઓ સાથે થયેલો પરિચય, કેટકેટલાય નગરોમાં ઉગતી સવાર અને આથમતી સાંજ, તો દિવસ દરમિયાન ભરપેટ ભોજન તો કયારેક ભૂખ્યા રહેવાની મજા અને અગવડતાઓમાં પણ સગવડતાઓનો સમય એટલે ''પ્રવાસ''.

આ સ્કૂલના આવા જ એક શૈક્ષણિક પ્રવાસ અંગેની વાત અહીં રજૂ કરવામાં આવી છે.

''કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.''

ઉપરોકત પંક્તિને સાર્થક કરતી અનેક વિશેષતાઓ કચ્છમાં જોવા મળે છે. જેમાંનું કચ્છનું મથક ભૂજ, રાજાશાહી વખતનું આ શહેર રાજા રજવાડાઓની વસ્તુઓ અને સાધનોથી ભરપૂર છે. જેમાં જોવા લાયક સ્થળોમાં ભૂજ મ્યુઝિયમ, પ્રાગ મહેલ, આઈના મહેલ, હમીરસર તળાવ, સ્વામિનારાયણ મંદિર વગેરે જેવા આકર્ષક સ્થળો છે. જેની તો શું વાત જ કરું કે જાણે સ્વર્ગ પર પગના મંડાણ થયેલા હોય તેવો અનુભવ ભૂજના તમામ જોવા લાયક સ્થળોની મુલાકાત કરીએ ત્યારે થાય છે.

અમારો પ્રવાસ ભાવનગરથી રાત્રે ૧૦:૩૦ થી નીકળીને સવારે ૯:૩૦ કલાકે ભૂજ પહોંચે છે. ત્યાં બધા થોડો આરામ અને પૌષ્ટિક આહાર લઈને ભૂજની મુલાકાત માટે નીકળીએ છીએ.

સૌથી પહેલા પ્રાગમહલની મુલાકાત લઈએ છીએ. તેમાં અનેક પૌરાણિક જોવા લાયક વસ્તુઓ રાખેલી છે. જેમાં રાણીઓની ડોલી, રાજકુમારોની મનોરંજન માટેની બકરાગાડી, રજવાડાઓનો ઐતિહાસિક વારસો જોવા મળ્યો. લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટરમાં ટાંકા, આભલાં, બુટ્ટાઓ, કોટ, સ્ટાઈલ જેવી કચ્છી ભરતકામની પરંપરાની વિશિષ્ટતા જોવા મળી. તેમાં સોઢા, આહિર, મુતવા, રબારી, આરી વગેરે કોમોના ભરતકામનો રંગીન શણગાર નિહાળ્યો. સ્મૃતિવનમાં ભૂકંપ, પૂર અને ચક્રવાતના મોડેલ અને ભૂકંપ પ્રતિરોધક આવાસોની જાણકારી મેળવી. જાન્યુઆરી-૨૦૦૧ ના ભયંકર ભૂકંપને નજીકથી નિહાળીને તેનો અનુભવ પણ કર્યો.

કોટેશ્વર તીર્થ, પાંચ માઈલના ઘેરાવામાં પથરાયેલ સિંધુ નદી અને અરબી સમુદ્ર વચ્ચે આવેલ આ કોટેશ્વર, કચ્છના બંદરોના ઈતિહાસમાં સૌથી જૂનું બંદર હતું. ત્યાંથી આગળ વધતા નારાયણ સરોવરના શ્રી ત્રિવિક્રમરાયજીના દર્શન કરીને અદ્દભૂત સરોવરને નિહાળવાનો આનંદ મેળવ્યો હતો. નારાયણ સરોવરથી આગળ વધી અમે માતા આશાપુરા મંદિર પરિસર કે જે વિશાળ ફલક પર વિસ્તરાયેલું છે. જેમાં ખૂબ જ ઝીણવટપૂર્વકનું નકશી કામ કરેલું છે. માતા આશાપુરાની સાંજની આરતીનો અનેરો લ્હાવો લીધા બાદ, અમે સૌ લોકો અમારી હોટલે પહોંચ્યાં હતાં.

શિયાળાની ખુશનુમા સવારનો અનુભવ કરતાં-કરતાં અમે સૌ વર્લ્ડ હેરિટેજ અને એક સુઆયોજિત નગર તરીકેની નામના મેળવેલ ધોળાવીરા ખાતે પહોંચ્યા. જે ત્રણ વિભાગોનું બનેલું છે. જેના નામ છે. રાજગઢ (કિલ્લો અને કિલ્લે બંધી), મધ્ય નગર અને નીચલા નગર. જેમાં અનાજ કોઠાર, મણકા બનાવવાની કાર્યશાળા અને સોળ જળાશયો પણ આવેલા છે. જેમાંથી હજુ પાંચ જ ખુલ્લા કરાયા છે અને અગિયાર બાકી રહેલા છે. ધોળાવીરા નગરની સફર કર્યા બાદ, કેવી રીતે ભૂલી શકાય ત્યાંથી અત્યંત નજીક આવેલ 'કચ્છનું સફેદ રણ.'

કચ્છના સફેદ રણમાં દર વર્ષે ઉજવવામાં આવતો ''રણોત્સવ''. રણોત્સવ એટલે કચ્છની ઝાંખી કરાવતો ઉત્સવ. કચ્છની સંસ્કૃતિ અને ત્યાંની પરંપરાને ઉજાગર કરતો ઉત્સવ. સાંજના પ્રકાશમાં તંબુ, ગામડાં, સફેદરણની સુંદરતા, પ્રવાસીઓને અભિભૂત કરી નાખે છે. ચાંદના પ્રકાશમાં ઊંટની પીઠ પર બેસીને રણનો પ્રવાસ કરવાનો લ્હાવો પણ અનેરો છે. કચ્છના ઈતિહાસની ઝાંખી કરાવતો 'લેઝર શો' નિહાળ્યાં બાદ, સાંજે ભોજન કરી પરત આવવા માટે નીકળી ગયાં. આમ, કચ્છની સુંદરતાના તમામ સ્થળોએ ફરીને અમે સૌ લોકો પરત અમારા મુકામે સવારે ૧૧:૦૦ કલાકે પરત ફર્યા હતા.

''શિયાળે સોરઠ ભલો, ઉનાળે ભલો ગુજરાત,
ચોમાસે વાગડ ભલો, મૂંજો કચ્છડો બારેમાસ.''



શ્રી શાહ ખી.લ. શ્રવણમંદોની શાળા ભાવનગર ખાતે, અજમેરા ટિચર ટ્રેનિંગ કોલેજના પ્રિન્સિપાલ તથા પ્રાધ્યાપક ડૉ. સંતોષભાઈ યાદવની હાલમાં, મૈસુર ખાતે નવી નિમણૂંક થતા સંસ્થા દ્વારા તેઓશ્રીનો **વિદાય સમારંભ** યોજાઈ ગયેલ. આ પ્રસંગે સંસ્થાના માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ, શ્રી અમિતભાઈ, શ્રી જીતુભાઈ, શ્રી મહાસુખભાઈ, શ્રી ધંધુકિયાભાઈ વગેરેની હાજરી પ્રોત્સાહક રહી.

શાળાના વિવિધ વિભાગો દ્વારા શ્રી સંતોષભાઈનું અભિવાદન કરવામાં આવેલ. અંતમાં ડૉ. સંતોષભાઈએ પોતાના એકાદ દાયકાનો સમય, જે સંસ્થા સાથે વિતાવેલ તેના સંભારણા યાદ કરીને ભાવુક વકતવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કવિતાબેન શાહ દ્વારા કરાયેલ. પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ધવલભાઈએ આભારવિધિ કરી હતી.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



ગજાનંદ ભટ્ટ

**શ્રધ્ધાંજલિ :**

શાળામાં છેલ્લાં ૨૪ વર્ષથી ફરજ બજાવતા શિક્ષિકા (ઈ.આચાર્ય) સ્વ. શ્રી હર્ષાબેન આશરાનું તા. ૧૦-૨ ના રોજ ટૂંકી બીમારી બાદ અવસાન થયું.

શાળાના પ્રાર્થનારૂમમાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ તેમની સેવા દરમિયાનના ઉમદા પાસાને યાદ કર્યા હતાં. તેમજ બે મિનીટનું મૌન પાળીને તેને **શ્રધ્ધાંજલિ** પાઠવી હતી. તેમજ શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા અને સંલગ્નિત તમામ સંસ્થાના કાર્યકરો અને કર્મચારીઓ વતી આચાર્ય શ્રીમતી સ્વ. હર્ષાબેન આશરાની સંયુકત પ્રાર્થના સભા તા. ૧૬-૨ ના રોજ સાંજે ૪:૩૦ થી ૫:૩૦ મહાવીર ઓડિટોરિયમ બહેરાં-મૂંગા શાળા ખાતે રાખવામાં આવેલ હતી.

**સાયલો ઓલિમ્પિયાડ મુંબઈમાં શ્રવણમંદ બાળકોની સિધ્ધિ :**

પ્રાથમિક અને માધ્યમિક શાળાના કુલ ૩૦ વિદ્યાર્થીઓ અને ત્રણ શિક્ષકો મુંબઈ ખાતેની શ્રવણમંદોની **સાયલો ઓલિમ્પિયાડ**માં ભાગ લેવા ગયા હતાં. સ્પર્ધામાં ભારતમાંથી કુલ ૧૧ વિશિષ્ટ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં ચેસ, ત્રિપગી દોડ, કોથળા દોડ, લીંબુ ચમચી, ગોળા ફેંક અને એથ્લેટિક જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગરની આપણી બહેરાં-મૂંગા શાળાનું પરર્ફોમન્સ ઉત્તમોત્તમ રહ્યું હતું. શ્રેષ્ઠતમ પરર્ફોમન્સમાં અશરફ મન્સુરીએ ચેસમાં, હિરલ બારૈયા ૪૦૦ મીટર દોડમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ. તેમજ શિક્ષક ભાઈઓમાં કોચ શ્રી સંદીપભાઈ ગોસ્વામીએ ૧૦૦ મીટર દોડમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ. તેમજ હિરલ બારૈયા, કાજલ સાંખટ, કિંજલ ઝાપડિયા અને દીપિકા શિયાળએ ૪ × ૧૦૦ મીટર રીલે દોડમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં 'મેરે ઘર રામ આયે હે' કૃતિ પર શાળાના બાળકોએ અદ્દભૂત પરફોર્મન્સ કરીને ત્યાં ઉપસ્થિત સૌ કોઈના દિલ જીતી લીધા હતા અને પ્રથમ નંબર પ્રાપ્ત કરી રોકડ રકમ પણ પ્રાપ્ત કરેલ. શાળાની સમગ્ર ટીમ દ્વારા સંસ્થાને મળેલ ગૌરવને સંસ્થાના ટ્રસ્ટીગણે, તેમજ બંને વિભાગના આચાર્યશ્રીએ બીરદાવેલ અને ટીમને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં. બાળકોની આ સિધ્ધિમાં કોચ શ્રી સંદીપભાઈ ગોસ્વામી, શ્રી હિતેષભાઈ વ્યાસ, તેમજ શ્રી ચંદ્રિકાબેન પરમારે ભારે જહેમત ઉઠાવી હતી.

**બધિર વિદ્યાર્થીઓનો અયોધ્યાપુરમ, કુંડળ, સાળંગપુર પ્રવાસ :**





શાળાના ધો. ૩ થી ૫ ના તમામ બાળકો અને શિક્ષકોનો પ્રવાસ **અયોધ્યાપુરમ, કુંડળ અને સાળંગપુર** ખાતે યોજાયો હતો. જેમાં બાળકોને સાઈન લેંગ્વેજથી પ્રવાસના સ્થળો વિશેની સંપૂર્ણ સમજ આપવામાં આવી હતી. ત્યાં બાળકોને ખૂબ જ મજા આવી

હતી. આ પ્રવાસના ખર્ચની વ્યવસ્થા દાતાશ્રી સી.જે. પે-માસ્ટર બચપન કોર્પસ ફંડ ખાતેથી કરવામાં આવેલ.

પ્રવાસમાં જનાર બાળકોને તમામ સુવિધાઓ મળી રહે અને ખૂબ જ મોજ માણી શકે તેવું આયોજન સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી ડૉ. ધવલભાઈ વ્યાસ તથા પ્રોજેકટ મંત્રીશ્રી ચંદ્રિકાબેન પરમાર અને શ્રી વૃંદાબા રાણા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન બદલ સંસ્થાના ટ્રસ્ટીગણે સૌને અભિનંદન પાઠવ્યાં હતાં.

**બધિર વિદ્યાર્થીઓનો અવિસ્મરણીય જૂનાગઢ, સાસણગીર પ્રવાસ :**



શાળાના ધો. ૬ અને ૭ ના તમામ બાળકો અને શિક્ષકોનો **પ્રવાસ જૂનાગઢ, સાસણગીર** ખાતે યોજાયો હતો. જેમાં બાળકોને સાઈન લેંગ્વેજથી પ્રવાસના સ્થળો વિશેની સંપૂર્ણ સમજ આપવામાં આવી હતી. ત્યાં બાળકોને ખૂબ જ મજા આવી હતી. આ પ્રવાસના ખર્ચની વ્યવસ્થા દાતાશ્રી સી.જે. પે-માસ્ટર બચપન કોર્પસ ફંડ ખાતેથી કરવામાં આવેલ.

પ્રવાસમાં જનાર બાળકોને તમામ સુવિધાઓ મળી રહે અને ખૂબ જ મોજ માણી શકે તેવું આયોજન સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી ડૉ. ધવલભાઈ વ્યાસ તથા પ્રોજેકટ મંત્રીશ્રી ચંદ્રિકાબેન પરમાર અને શ્રી વૃંદાબા રાણા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન બદલ સંસ્થાના ટ્રસ્ટીગણે સૌને અભિનંદન પાઠવ્યાં હતાં.

**દિવ્યાંગ વિદ્યાર્થીઓનો કચ્છ, ધોળાવીરા, કોટેશ્વર, માતાના મઠ પ્રવાસ :**

શાળાના ધો. ૮ ના તમામ બાળકોનો **કચ્છ, ધોળાવીરા, કોટેશ્વર, માતાના મઠ** જેવા ઐતિહાસિક સ્થળોએ યોજાયો હતો. જેમાં બાળકોને સાઈન લેંગ્વેજથી પ્રવાસના સ્થળો વિશેની સંપૂર્ણ માહિતીથી અવગત કરાવવામાં આવ્યાં હતાં. ત્યાં બાળકોને ખૂબ જ મજા આવી હતી. આ પ્રવાસના ખર્ચની વ્યવસ્થા દાતાશ્રી સી.જે. પે-માસ્ટર બચપન કોર્પસ ફંડ ખાતેથી કરવામાં આવેલ.

પ્રવાસમાં જનાર બાળકોને તમામ સુવિધાઓ મળી રહે અને ખૂબ જ મોજ માણી શકે તેવું આયોજન સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી ડૉ. ધવલભાઈ વ્યાસ તથા પ્રોજેકટ મંત્રીશ્રી ચંદ્રિકાબેન પરમાર અને શ્રી વૃંદાબા રાણા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન બદલ સંસ્થાના ટ્રસ્ટીગણે સૌને અભિનંદન પાઠવ્યાં હતાં.

**બધિર દિવ્યાંગ વિદ્યાર્થીઓનો અવિસ્મરણીય પ્રવાસ :**



શાળાના બાળવર્ગ-૧ થી ધો. ૨ સુધીના તમામ બાળકો અને શિક્ષકોનો **ફૂલઝરિયા તથા ઝાંઝરિયા હનુમાન** ખાતે યોજાયો હતો. જેમાં બાળકોને સાઈન લેંગ્વેજથી પ્રવાસના સ્થળો વિશેની સંપૂર્ણ માહિતીથી અવગત કરાવવામાં આવ્યાં હતાં. ત્યાં બાળકોને ખૂબ જ મજા આવી હતી. આ પ્રવાસના ખર્ચની વ્યવસ્થા દાતાશ્રી સી.જે. પે-માસ્ટર બચપન કોર્પસ ફંડ ખાતેથી કરવામાં આવેલ.

પ્રવાસમાં જનાર બાળકોને તમામ સુવિધાઓ મળી રહે અને ખૂબ જ મોજ માણી શકે તેવું આયોજન સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી ડૉ. ધવલભાઈ વ્યાસ તથા પ્રોજેકટ મંત્રીશ્રી ચંદ્રિકાબેન પરમાર અને શ્રી વૃંદાબા રાણા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન બદલ સંસ્થાના ટ્રસ્ટીગણે સૌને અભિનંદન પાઠવ્યાં હતાં.



## શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા

## મહેતા છાત્રાલય

સ્નેહાબેન જોષી



- તા. ૧૨-૧ ના રોજ શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા બધા જ બાળકોને પતંગ, ફીરકી અને બિસ્કીટ આપેલ અને બાળકોને કહેલ કે, ''તમારું જીવન પણ આવુ રંગબેરંગી બને અને તમારા જીવનનો પતંગ પણ આગળ વધે, તેવી પ્રભુને પ્રાર્થના''. છાત્રાલયના તમામ બાળકોને ગરમ ટોપી તથા સ્કાર્ફ વિતરણ કરાયું હતું.

◈ તા. ૨૦-૧ અને ૨૨-૧ ના રોજ ભાવનગર કચ્છ સમાજ દ્વારા બાળકોને ભોજન કરાવેલ. શ્રી મહેન્દ્રભાઈ શાહે બાળકોના જમવાના સમયે હાજર રહેલ અને બાળકોને જોઈને ખૂબ જ આનંદિત થયા હતાં.

◈ તા. ૨૨-૧ ના રોજ શ્રી રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાના ભાગરૂપે છાત્રાલયમાં કાર્યક્રમ કરેલ. તેમાં છાત્રાલયના તમામ બાળકોએ ૧૦૮ દીવા (લોટમાંથી છાત્રાલયના બાળકોએ કોડિયા બનાવેલ) કરી, શ્રી રામલલાના ભજન-કીર્તન કરી ખૂબ જ આનંદ કરેલ અને ભગવાન શ્રી રામને સંપૂર્ણ ભોજન થાળ ધરાવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના છાત્રાલય વિભાગના ચેરમેનશ્રી, માનદમંત્રીશ્રી અને આચાર્યશ્રી હાજર રહ્યાં હતાં.

◈ તા. ૩૦-૧ ના રોજ શ્રી મુકેશભાઈ પ્રવીણચંદ્ર મહેતાએ, સ્વ. શ્રી ચંદ્રિકાબેન પ્રવીણભાઈ મહેતાના સ્મરણાર્થે સવારનો નાસ્તો, બપોરનું ભોજન તેમજ સાંજનું ભોજન કરાવી, બાળકોને ખૂબ જ આનંદ કરાવ્યો હતો.

◈ તા. ૩૧-૧ ના રોજ શ્રી અરૂણાબેન કીર્તિભાઈ શાહ જસપરાવાળા અને શ્રી પ્રજ્ઞાબેન દીપકભાઈ પાટણવાળા તરફથી બધાજ બાળકોને મિષ્ઠાન-ફરસાણ સાથે ભોજન કરાવ્યું હતું.

◈ ૧-૨ ના રોજ શ્રી ઈશી પાઠકની વર્ષગાંઠ નિમિત્તે અને શ્રી કલ્પનાબેન બિપીનભાઈ શાહની વર્ષગાંઠ નિમિત્તે શ્રી યુ.વી. પાઠકે બધા જ બાળકોને ભોજન, તેમજ નાસ્તો કરાવ્યો હતો.



## શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ
## છાત્રાલય



Ÿ તા. ૧૨-૧ ના રોજ શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા બધા જ બાળકોને પતંગ, ફીરકી અને બિસ્કીટ આપેલ અને બાળકોને કહેલ કે, ''તમારું જીવન પણ આવુ રંગબેરંગી બને અને તમારા જીવનનો પતંગ પણ આગળ વધે, તેવી પ્રભુને પ્રાર્થના''. છાત્રાલયના તમામ બાળકોને ગરમ ટોપી તથા સ્કાર્ફ વિતરણ કરાયું હતું.

Ÿ તા. ૨૦-૧ અને ૨૨-૧ ના રોજ ભાવનગર કચ્છ સમાજ દ્વારા બાળકોને ભોજન કરાવેલ. શ્રી મહેન્દ્રભાઈ શાહે બાળકોના જમવાના સમયે હાજર રહેલ અને બાળકોને જોઈને ખૂબ જ આનંદિત થયા હતાં.

Ÿ તા. ૨૨-૧ ના રોજ છાત્રાલયમાં શ્રી રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાના ભાગરૂપે નાનો એવો કાર્યક્રમ કરેલ. તેમાં છાત્રાલયના બધાજ બાળકોએ શ્રી રામલલાની દીવા કરી આરતી ઉતારી, ભજન ગાય ખૂબજ આનંદ-ઉલ્લાસ કર્યો હતો.

Ÿ તા. ૩૦-૧ ના રોજ શ્રી મુકેશભાઈ પ્રવીણચંદ્ર મહેતાએ, સ્વ. શ્રી ચંદ્રિકાબેન પ્રવિણભાઈ મહેતાના સ્મરણાર્થે સવારનો નાસ્તો, બપોરનું ભોજન, તેમજ સાંજનું ભોજન કરાવી, બાળકોને ખૂબ જ આનંદ કરાવ્યો હતો.

Ÿ તા. ૩૧-૧ ના રોજ શ્રી અરૂણાબેન કીર્તિભાઈ શાહ જસપરાવાળા અને શ્રી પ્રજ્ઞાબેન દીપકભાઈ પાટણવાળા તરફથી બધાજ બાળકોને મિષ્ઠાન-ફરસાણ સાથે ભોજન કરાવ્યું હતું.

Ÿ તા. ૧-૨ ના રોજ શ્રી ઈશી પાઠકની વર્ષગાંઠ નિમિત્તે અને શ્રી કલ્પનાબેન બિપીનભાઈ શાહની વર્ષગાંઠ નિમિત્તે શ્રી યુવી પાઠકે બધા જ બાળકોને ભોજન, તેમજ નાસ્તો કરાવ્યો હતો.



## શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર
## કૃત્રિમ સાધન સહાય વર્કશોપ

વિપુલ જેઠવા



Ÿ જાન્યુઆરી માસમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૪૯ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં લાભાર્થીઓને આશરે ૨૦૦ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૨, ઓર્થોશૂઝ-૫, ની-બ્રેસ-૯૧, હેન્ડ સ્પીલન્ટ-૭, નાઈટ સ્પીલન્ટ-૨, સ્પાઈનલ ઓર્થોસિસ-૬, અન્ય-૫૦, કેલિપર્સ-૭, એ.એફ.ઓ.-૨૦, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૧૦ એમ કુલ ૨૦૦ સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં.

Ÿ જાન્યુઆરી `૨૪ માં સંસ્થામાં ગત માસે કૃત્રિમ હાથ પગના-૨ કેમ્પ યોજાયેલ. એક વર્કશોપમાં ૧૪ લાભાર્થીઓને ૧૮ સાધનો પૂરાં પાડેલ અને એક કેમ્પ વાપી મૂકામે યોજાયેલ. જેમાં ૫૭ લાભાર્થીઓને ૬૦ સાધનો પૂરાં પાડેલ હતાં.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનિક



સૂર્યકાંત ચાવડા

### ચેસ્ટ ફિઝીશ્યન ફ્રી નિદાન કેમ્પ :



તા. ૨૨-૧ ના રોજ **શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ**ના શુભ અવસર નિમિત્તે સાંજે ૫ થી ૭ શરદી, ખાંસી, તાવ, અસ્થમા, ટીબી, બીપી, ડાયાબિટીસ તથા ફેફસા વિ.ના રોગો માટે વિનામૂલ્યે નિષ્ણાત ચેસ્ટ ફિઝીશ્યન ડૉક્ટરશ્રી દ્વારા તપાસ અને નિદાન કરી આપવામાં આવ્યું હતું. એક્સ-રે, સોનોગ્રાફી, ઈ.સી.જી., લેબોરેટરી ટેસ્ટ રાહત દરે કરી આપવામાં આવી હતી. બહોળી સંખ્યામાં લોકોએ આવા રોગોની તપાસ અને સારવાર માટે નિષ્ણાત ડૉક્ટરની સેવાનો લાભ લીધેલ.

### નિઃશૂલ્ક સ્ત્રી રોગના તપાસ નિદાન ચાર કેમ્પ યોજાયા :



ભાવનગર ખાતે સ્ત્રી રોગ અને પ્રસુતિ નિષ્ણાત ડૉ. શ્રી યશશ્રી શાહના તા. ૨૯-૧૨, તા. ૧૦-૨ તથા શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના એતિહાસિક દિવસ નિમિત્તે તા. ૨૨-૧ તથા તા. ૧૫-૨ ના રોજ સવારે ૧૦ થી ૧ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન સ્ત્રી રોગના નિઃશૂલ્ક તપાસ કેમ્પ રાખેલ. આ નિઃશૂલ્ક કેમ્પમાં સગર્ભા બહેનોને ચેકઅપ, પ્રસુતિ વિગેરે રોગોના સચોટ નિદાન અને સારવાર કરી આપવામાં આવી હતી. બહોળી સંખ્યામાં બહેનોએ આવા રોગોની તપાસ અને સારવાર માટે નિષ્ણાત ડૉક્ટરની સેવાનો લાભ લીધો હતો.

### ફિઝીયોથેરાપીના વિનામૂલ્યે તપાસ નિદાન બે કેમ્પ યોજાયા :



તા. ૧૨-૧ તથા તા. ૧૫-૨ ના રોજ સાંજે ૫ થી ૭ દરમ્યાન ફિઝીયોથેરાપીની ઉપલબ્ધ સારવાર માટે વિનામૂલ્યે તપાસ નિદાન કરી આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. પ્રિયાંશીબેન પરમાર (બીપીટી) દ્વારા કરોડરજ્જુની ઈજાઓ, સ્નાયુનો દુઃખાવો, ખભાનો દુઃખાવો વિગેરે રોગો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં લોકોએ આવા રોગોની તપાસ અને સારવાર માટે નિષ્ણાંત ડૉક્ટરની સેવાનો લાભ લીધો હતો. રાહતદરે અકેસ-રે, સોનોગ્રાફી, લેબોરેટરી ટેસ્ટ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી હતી.

### જાન્યુઆરી `૨૪ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.

| DEPARTMENT | No.Of Patients | DEPARTMENT | No.Of Patients |
|---|---|---|---|
| **EYE DEPARTMENT** | | **DENTAL DEPARTMENT** | |
| OPD | 176 | OPD | 149 |
| Cataract Surgeries - Free | 9 | PROCEDURE | 146 |
| Cataract Surgeries - Paid | 7 | **GENERAL OPD** | **143** |
| **ENT DEPARTMENT** | | **PSYCHIATRIC** | |
| OPD | 407 | OPD | 19 |
| OPRATION - PAID | 1 | **PEDIATRIC** | |
| MINOR PROCEDURE | 64 | OPD | 46 |

| ORTHOPEDIC DEPARTMENT | |
|---|---|
| OPD | 40 |
| | |
| **MATERNITY** | |
| OPD | 70 |
| DELIVERY | 3 |
| OPRATION | 5 |
| **SONOGRAPHY** | **33** |
| **PHYSIOTHERAPY** | |
| OPD | 12 |
| **CHEST PHYSICIAN** | |
| OPD | 7 |

| SKIN DEPARTMENT | |
|---|---|
| OPD | 115 |
| **X-RAY DEPARTMENT** | **20** |
| **LABORATORY PATIENT** | **151** |
| **LABORATORY TEST** | **317** |
| **PHYSICIAN ( M.D)** | **39** |
| **EYE RETINA DEPARTMENT** | **12** |
| **CAMP** | **3** |
| **PATIENT** | **14** |
| **SHAMJI MAVJI RELIEF** | **7** |



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

નેહલ ગઢવી



**રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા ઉજવણી :**



તા. ૨૨ જાન્યુઆરીના રોજ શાળામાં **રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી** કરેલ. તે પૂર્વે શાળામાં બાળકોને રામાયણ બતાવવામાં આવેલ. રામ કોણ છે ? રામ મંદિર શું છે ? તેના વિશે માહિતી આપવામાં આવેલ તથા બાળકો દ્વારા એક સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવેલ. આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો હતો.

**શ્રી નેહલબેન ગઢવીના જન્મ દિવસની ઉજવણી :**



દર વર્ષની માફક આ વર્ષે પણ શાળાના શિક્ષક, સુપ્રસિધ્ધ યુવા મોટિવેશનલ સ્પીકર શ્રી નેહલબેન ગઢવીના **જન્મ દિવસ** નિમિત્તે તેમના તરફથી શાળાના ટ્રસ્ટીશ્રી, તમામ બાળકો, સ્ટાફ, ટ્રેઈનિંઝ તથા રીક્ષા ચાલક ભાઈઓને ડિમ્પલ રેસ્ટોરન્ટ ખાતે જમાડવામાં આવ્યાં હતાં.

**પૂજ્ય શ્રી જીગ્નેશદાદા શાળાની મુલાકાતે :**



ખ્યાતનામ યુવા કથાકાર પરમ પૂજ્ય જીગ્નેશદાદાએ **શાળાની મુલાકાત** લઈ, શાળાના બાળકોને આશીર્વાદ આપેલ અને ટ્રસ્ટીશ્રીઓ તથા સ્ટાફ પરિવારને મંદબુધ્ધિ બાળકો સાથેના આવા અદ્દભૂત કાર્યો બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.

**સ્ટેટ લેવલ સિલેકશન કેમ્પમાં શાળાના બાળકો :**

તા. ૧૧-૨ ના રોજ બરોડા ખાતે આગામી જુડો તથા પાવર લિફ્ટીંગ નેશનલ ચેમ્પિયનશીપ માટે એક **સિલેકશન કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ, જેમાં શાળાના ૭ બાળકોએ ભાગ લીધો હતો.

## શ્રી ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

**કેન્ડલ પ્રોજેક્ટ / દીવા પ્રોજેક્ટ :**

સમગ્ર ભારતમાં તા. ૨૨ જાન્યુઆરીના રોજ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના અનુસંધાને દિવાળી જેવો માહોલ હતો. જેના ભાગરૂપે શાળાના વોકેશનલ વિભાગ દ્વારા દીવડા તા ટી-લાઈટનું ઓનલાઈન વેચાણ કરવામાં આવેલ. જેમાં લોકો દ્વારા સારો પ્રતિસાદ સાંપડયો હતો.

## સ્વ. શ્રી શશીકાંતભાઈ સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન (મેન્ટલ રિટાર્ડેશન)



ભાવિકા કામદાર

**રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી :**

ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા શાળામાં ભવ્ય રીતે **પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી** કરવામાં આવેલ. તાલીમાર્થીઓ દ્વારા રામ મંદિરનો સુંદર ટેબ્લો તથા ચાર્ટ બનાવવામાં આવેલ તથા રામભક્તિના ગીત ઉપર સાંસ્કૃતિક કૃતિ રજૂ કરેલ. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ. સાંસ્કૃતિક કૃતિની કોરીયોગ્રાફી કો-ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેન કામદાર દ્વારા કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. ભાવિકાબેન કામદાર તથા શ્રી આરિફભાઈ જેઠવાએ ભારે જહેમત ઉઠાવી હતી.

**ટેક મંજરી-૨૦૨૪ ની મુલાકાત :**



તા. ૧૦-૨ ના રોજ જ્ઞાન મંજરી ઈનોવેટીવ યુનિવર્સિટી દ્વારા આયોજિત, **ટેક મંજરી-૨૦૨૪**ની, અંકુર ટ્રેઈનિંગ કોલેજ ફોર આઈ.ડી. ના બંને વર્ષના વિદ્યાર્થીઓએ મુલાકાત લઈ, જ્ઞાન મંજરી કોલેજના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ વિવિધ ટેબ્લો, ફ્લોટ્સ, મોડેલ્સ, એપ્લિકેશનના લાઈવ ડેમો નિહાળી, જ્ઞાનસભર માહિતી મેળવેલ. આ સમગ્ર મુલાકાતનું આયોજન કો-ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેન કામદાર તથા શ્રી આરિફભાઈ જેઠવાએ કર્યું હતું.

**વસંત પંચમી :**

ટીચર્સ ટ્રેનિંગ કોલેજ દ્વારા તા. ૧૪-૨ ના રોજ **વસંત પંચમીની ઉજવણી** કરવામાં આવેલ. જે અંતર્ગત તાલીમાર્થીઓ દ્વારા જ્ઞાનવાહિની મા સરસ્વતીની પૂજા કરવામાં આવેલ તથા કો-ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેન કામદાર દ્વારા જ્ઞાનના મહત્વ વિશે સુંદર વકતવ્ય આપવામાં આવ્યું હતું.

**બ્લેક ડે :**

તા. ૧૪-૨ ના રોજ, જમ્મુ કાશ્મીરના પુલવામાં ખાતે આંતકી હુમલામાં ભારતીય વીર જવાનોએ પોતાનું સર્વસ્વ દેશ માટે કુરબાન કરી શહીદ થયા છે, એવા અમરવીર જવાનોને ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા બે મિનીટ મૌન પાળી વીરાંજલી આપવામાં આવી હતી.



## એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ



સુકેતુ શાહ

**સાધન સહાય વિતરણ કાર્યક્રમ :**

તા. ૨૪-૧ ના રોજ જરૂરિયાતમંદ લાભાર્થીઓને સાધન સહાય આપવામાં આવી. જેમાં ૩ લાભાર્થીઓને ૨ વ્હીલ સાયકલ, ૨ લાભાર્થીઓને વ્હીલચેર તથા ભણતર અને રોજગારીના ભાગરૂપે ૧૨ લાભાર્થીઓને રૂપિયા અનુક્રમે ૫૦૦૦, ૪૦૦૦ અથવા ૩૦૦૦ ના કેશ પ્રાઈઝ દાતાશ્રી અમેરિકા સ્થિત શ્રી પ્રફુલભાઈ શાહ તેમજ સંસ્થાના ટ્રસ્ટીગણના હસ્તે આપવામાં આવ્યાં હતાં.

**દાતાશ્રી સંસ્થાની મુલાકાતે :**

તા. ૭-૨ ના રોજ અમેરિકા સ્થિત દાતાશ્રી કૃતિબહેન વોરા સંસ્થાની મુલાકાતે આવ્યાં હતાં. જેમાં દાતાશ્રીનો રૂા. ૩૦,૦૦૦/- નો આર્થિક સહયોગ મળ્યો છે. મુલાકાત દરમિયાન ઓનલાઈન ટ્રેનિંગનું નિદર્શન નિહાળ્યું હતું. ઓફલાઈન ચાલતી બેઝિક, ડીટીપી અને મોબાઈલ રિપેરીંગના લાભાર્થીઓ સાથે વાતચીત કરી, લાભાર્થીઓના પ્રતિભાવો જાણ્યાં હતાં.

**વર્ષ એપ્રિલ ૨૦૨૩ - ફેબ્રુઆરી-૨૦૨૪ દરમિયાન તાલીમ મેળવતા તાલીમાર્થીઓની સંખ્યા**

| **ઓનલાઈન કોર્સ** | | **ઓફલાઈન કોર્સ** | |
|---|---|---|---|
| **તાલુકો** | **સંખ્યા** | **તાલુકો** | **સંખ્યા** |
| ભાવનગર | ૩૪ | મહુવા | ૨૮ |
| પાલિતાણા-જેસર | ૨૫ | વલ્લભીપુર | ૧૬ |
| તળાજા | ૩૮ | ઘોઘા | ૦૯ |
| ઉમરાળા | ૦૫ | શિહોર | ૨૮ |



# યુવક સંમેલન મુંબઈ લાઈબ્રેરી

છાયા જોષી



## લાઈબ્રેરીમાં જાન્યુઆરી મહિના દરમ્યાન નીચે મુજબ એક્ટિવિટી કરવવામાં આવી

Ÿ ૬૦૦ પુસ્તકો ઈસ્યુ થયા, ૩૦ ટોયઝ ઈસ્યુ થયા, ૧૫ સ્પેલિંગ એક્ટિવિટી, ૧૦ મેથ્સ એક્ટિવિટી, ૧૦ કલર પૂરો, ૨૦ ડ્રોઈંગ એક્ટિવિટી, ૦૫ સરખામણી કરો.

Ÿ લાઈબ્રેરીમાં કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ તેમજ સી.પી. સ્કૂલના બાળકોએ સાન્તાકલોસ, જિંગલબેલ, સ્લેજગાડી, રેંડિયર વિગેરેના કલરફૂલ ચિત્રો બનાવીને ક્રિસમસની ઉજવણી કરવામાં આવી.

Ÿ કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના ધો. ૯ માં અભ્યાસ કરતો પરમાર દિગ્વિજય ૩૦ દિવસમાં ૫૨ પુસ્તકો વાંચીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. તેને વાઘેલા ક્રિનલનો ૩૦ દિવસમાં ૫૧ પુસ્તકો વાંચવાનો રેકોર્ડ બ્રેક કર્યો છે. ખૂબ-ખૂબ અભિનંદન દિગ્વિજયને.

## લાઈબ્રેરીમાં શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા ભેટ આવેલ પુસ્તકો

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| જલચરોની અદ્દભૂત દુનિયા | જળચર દુનિયા |
| પક્ષી જગત | પક્ષીઓની માહિતી |
| છ બાલ નાટકો | નાટય કથા |
| મારી જાદુઈ શાળા | શિક્ષણ |
| મધર ટેરેસા | જીવન કથા |
| પાણીની જાળવણી | માહિતી લેખ |
| તૃષ્ણાની દરિયાઈ સફર | પ્રવાસ |
| જીરો મિથે | લોકકથા |
| ખેલ-ખેલ મેં બચ્ચોં કા વિકાસ | શિક્ષક માર્ગ દર્શિકા |
| એક દિન | ચિત્ર વાર્તા સંગ્રહ |

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| How sweet honey is | kid's story book |
| Four tusked elephat and a rabbit | kid's story book |
| Twin fairy Taile | kid's story book |
| The clever Jackal અંદ | |
| Foolish crocodile | kid's story book |
| The Good Old Animals | kid's story book |
| The Pipers | kid's story book |
| Jack And Treasure | kid's story book |
| Goran and His adventure | kid's story book |
| Foolish Rhino | kid's story book |

# માથેરાનમાં PNR ફેમિલીનું ગેટ ટુ ગેધર...



✍ કિરીટ રાઠોડ



મુંબઈથી ૧૦૦ કિલોમીટર દૂર, સહ્યાદ્રિ પર્વત શ્રેણીની વચ્ચે આવેલુ **માથેરાન**; ભારતનું સૌથી નાનું હિલ સ્ટેશન છે, જે પ્રદુષણ અને ઘોંઘાટથી દૂર, સુરમ્ય અને આહલાદક પ્રકૃત્તિથી સભર, તેના લીલાછમ પહાડો અને ખીણો આપણને મંત્રમુગ્ધ કરે છે.

આવા સુંદર હિલ સ્ટેશન પર PNR ફેમિલીનું ગેટ ટુ ગેધર થાય, સૌ એક બીજાથી પરિચિત થાય અને ટ્રસ્ટીઓના પરિવારો વચ્ચે કુટુંબ ભાવના વિકસે; એવા ઉમદા ઉદ્દેશ્ય સાથે PNR ના પ્રમુખ શ્રી ક્રિશ્નકાંતભાઈ ચિત્તલિયાના પ્રેમાગ્રહ અને ભાવપૂર્ણ આમંત્રણથી ભાવનગર અને મુંબઈના ટ્રસ્ટીશ્રીઓ અને પરિવાર તા. ૮-૨ થી ૧૧-૨ ચાર દિવસ માટે શ્રી લક્ષ્મીનારાયણ મંદિર અને માધવબાગ ચેરીટીઝ ટ્રસ્ટ સંચાલિત શ્રી રામ મંદિર, માથેરાનમાં સેનેટોરિયમ ખાતે સાથે રહ્યાં હતાં.

ભાવનગરથી અશ્વિનભાઈ પંડયા અને શ્રીમતી ગીતાબેન, કિરીટભાઈ રાઠોડ અને શ્રીમતી જયશ્રી રાઠોડ, પ્રદીપભાઈ ભટ્ટ અને શ્રીમતી રેખાબેન, રાજુભાઈ હકાણી અને શ્રીમતી હર્ષાબેન તથા હર્ષકાંતભાઈ રાખશિયા અને મુંબઈથી કીર્તિભાઈ સંઘવી અને શ્રીમતી જયશ્રીબેન, શ્રી ભરતભાઈ પારેખ અને શ્રીમતી દિપીકાબેન આ સેનેટોરિયમ પર આવી, શ્રી ક્રિશ્નકાંતભાઈના ઉમદા આતિથ્યની લાગણી સભર મહેમાનગતી માણી હતી. સુંદર કુદરતી વાતાવરણમાં સવાર-સાંજની ઔપચારિક બેઠકોમાં દરેક સભ્યોએ નિખાસલપણે પોતાના પરિવાર, પૂર્વ કારકિર્દી અને સંસ્થામાં પોતે કરી રહેલા કાર્યની વાત કરી હતી, સાથે જ સંસ્થાના ભાવિ આયોજનોની પણ ચર્ચા કરી હતી.

માથેરાનમાં ઉમદા ભોજન, સંગીત સંધ્યા અને ફરવા લાયક સ્થળો પેનોરમા પોઈન્ટ, ઈકો પોઈન્ટ, ચાર્લોટ લેક વિગેરેની સૌએ સાથે ચાલીને મોઝ માણી હતી.

એક અવિસ્મરણીય **ગેટ ટુ ગેધર** ની સ્નેહ સભર યાદો અને શ્રી ક્રિશ્નકાંતભાઈનું સુંદર આયોજન, વ્યવસ્થા અને દરેકની વ્યકિતગત કાળજી-દેખરેખની સૌએ પ્રશંસા કરી, ફરી સાથે મળવાનું નકકી કરી સૌ છૂટા પડયાં હતાં.

## મુંબઈથી 'ચિત્તલિયા ફેમિલી' સંસ્થાની મુલાકાતે



PNR સંસ્થાના પ્રમુખ શ્રી ક્રિશ્નકાંતભાઈ ચિત્તલિયાના આમંત્રણથી, તા. ૨૨-૨-૨૪ ના રોજ મુંબઈથી સંસ્થાના વેલવિશર્સ અને દાતાશ્રીઓ સર્વશ્રી હારિતભાઈ ચિત્તલિયા (મુંબઈની સુપ્રસિધ્ધ વિલે પાર્લે કેળવણી મંડળના ટ્રેઝરર), શ્રી વિરલભાઈ ચિત્તલિયા (ચાર્ટડ એકાઉન્ટન્ટ) તથા શ્રી કૌશિકભાઈ ચિત્તલિયા (દાતાશ્રી) પોતાના પરિવાર સાથે સંસ્થાની મુલાકાતે આવ્યાં હતાં.

તેઓએ સંસ્થાના વિવિધ વિભાગોની મુલાકાત લઈ, દિવ્યાંગો માટે થઈ રહેલ શિક્ષણ, તાલીમ, સારવાર અને પુનઃવસનની કામગીરી પ્રત્યક્ષ નિહાળી, દ્રવિભૂત થયા હતાં. સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ સાથેની મિટીંગમાં તેઓએ દિવ્યાંગો માટેના આ કાર્યમાં મદદરૂપ થવાની ભાવના વ્યકત કરી હતી.

# 'સક્ષમ' સંસ્થાનુ દ્વિતીય પ્રાંત અધિવેશન



'સક્ષમ' એ દિવ્યાંગ ક્ષેત્રે કાર્યરત એક માત્ર રાષ્ટ્રિય સંગઠન છે. જે ૨૧ પ્રકાપણના દિવ્યાંગજનોને સંગઠિત કરી, તેમના પ્રશ્નોને વાચા આપવાનું કાર્ય કરે છે. આપણા રોજિંદા જીવનમાં કામચલાઉ શારીરિક તકલીફ ભારે અંતરાય ઉભા કરી દેતી હોય છે, એ દ્રષ્ટિએ આપણા દિવ્યાંગજનોનું જીવન ખૂબજ પડકારરૂપ હોવાનું અનુભવી શકાય છે. છતાં શારીરિક ખામી અવગણીને દ્રઢ નિર્ધાર થકી કપરા પર્વત પર ચડાણ થઈ શકે. આવા દિવ્યાંગજનોને સમાજના સામાન્ય પ્રવાહ સાથે સાંકળવા અને તેમણે ખુમારીભેર જીવન જીવવા માટે પ્રેરિત રાખવા, એ ખરેખર ખૂબજ ઉત્તમ કાર્ય, આ સંગઠન દ્વારા કરવામાં આવે છે.

આ સંગઠનનું દ્વિતીય પ્રાંત અધિવેશન તા. ૨૪-૧૨ ના રોજ SUV એજયુકેશન કેમ્પસ, મુ. વલથાન, કડોદરા, સુરત ખાતે યોજવામાં આવ્યું હતું. આ અધિવેશનમાં શ્રી પ્રફુલભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને (સક્ષમ-ગુજરાત) તેમજ શ્રી દયાલસિંહ પવારે (અખિલ ભારતીય સંરક્ષક) ખૂબજ સરસ ગીત ગવડાવી તેમનું આગવું વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ શ્રી ડૉ. ઉદય વારુજીકર (એડવોકેટ સદસ્ય, કેન્દ્રિય સલાહકાર સમિતિ, દિવ્યાંગજન સશકિતકરણ વિભાગ, ભારત સરકાર) તેઓએ દિવ્યાંગો માટે ૧૬૦૦૦ હજારથી વધુ કોર્ટ કેસ લડી, તેઓને હક્ક અપાવ્યો હતો, તેમણે પણ ખૂબજ હૃદયસ્પર્શી વકતવ્ય આપ્યું હતું.

આ અધિવેશનમાં PNR સંસ્થામાંથી શ્રી પારસભાઈ શાહ અને શ્રી જીજ્ઞેશભાઈ પારેખ ગયા હતાં. આ પ્રસંગે ઉપરોકત અધિકારીઓને મળવાનું થયું હતું. તેમજ આ અધિવેશનમાં દિવ્યાંગોના પ્રશ્નો અંગે શ્રી પારસભાઈ શાહે પ્રબળ રજૂઆત કરી, ઉકેલ લાવવા જણાવ્યું હતું. આ અધિવેશનમાં શ્રી પારસભાઈ શાહનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

# પ્રેરણાદાયી દિવ્યાંગો

## IIT ના લકવાગ્રસ્ત પ્રણવ નાયરની ગુગલમાં પસંદગી વ્હિલચેર પર જીવન જીવતા યુવકની નવી ઉડાન

IIT ગુવાહાટીના સેરેબ્રલ પાલ્સી (લકવા) થી પીડિત એક ૨૨ વર્ષના વિદ્યાર્થીની, પ્રખ્યાત ગુગલ કંપનીમાં પસંદગી કરવામાં આવી છે. પ્રણવ નાયરે IITમાં કમ્પ્યુટર એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો. સેરેબ્રલ પાલ્સીને કારણે પ્રણવ વ્હિલચેર પર બેસીને અભ્યાસ કરતો હતો. જો કે તેની આ મહેનત રંગ લાવી છે અને આંતરરાષ્ટ્રિય કંપની ગુગલમાં તેની પસંદગી કરવામાં આવી છે.

IIT ગુવાહાટીમાં ગુગલ દ્વારા કમ્પ્યુટર એન્જિનિયર્સ માટે પ્લેસમેન્ટ થયું હતું, જે દરમિયાન પ્રણવની પસંદગી કરવામાં આવી છે.

**(સૌ. : ગુજરાત સમાચાર)**

## જમણો હાથ કપાયેલો હોવા છતાં ચંદ્રશેખર સિંહ ડાબા હાથથી BPSC પરીક્ષા આપીને ઓડિટ અધિકારી બન્યા.

બિહારના કૈમુર જિલ્લાના સરૈયા ગામના સુખરામ સિંહનો પુત્ર ચંદ્રશેખર સિંહ જમણા હાથના અંગવિચ્છેદન છતાં ડાબા હાથથી લખવાની સખત પ્રેકિટસ કરીને AAO (આસિસ્ટન્ટ ઓડિટર ઓફિસર) બન્યો છે. તેમણે શિક્ષણ ક્ષેત્રે પોતાની કારકિર્દી સ્થાપિત કરવા માટે ઘણાં ઉતાર-ચઢાવાનો સામનો કર્યો છે.

ચંદ્રશેખર સિંહની કહાની ખૂબ જ રસપ્રદ છે. તે કેવો પ્રતિભાશાળી યુવક છે, તે એ વાત પરથી જાણી શકાય છે કે તેણે ૨૦૦૯માં CISF અને બિહારમાં પોલીસમાં ઈન્સ્પેકટરની પરીક્ષા આપી હતી, પંચાયત રોજગાર સેવકની વિશેષ તાલીમ દરમિયાન ચૈનપુર બ્લોકના બિયુર ગામ પાસે અકસ્માતમાં તેણે પોતાનો જમણો હાથ ગુમાવ્યો. તે કારણોસર તેના બધા પ્રયત્નો વ્યર્થ ગયા અને જીવનનો માર્ગ વધુ મુશ્કેલ લાગવા લાગ્યો. તેમ છતાં, ચંદ્રશેખરે કયારેય હાર ન માની. તેમનો જમણો હાથ કપાઈ ગયા પછી, તેમણે તેમના ડાબા હાથથી લખવાની પ્રેકિટસ શરૂ કરી અને દિવસ-રાત સખત મહેનત કરી, દરેક શબ્દ હજાર વખત લખ્યાં. આ સમયગાળા દરમિયાન, તે ઘણી વખત લેવામાં આવેલી એકાઉન્ટ્સ ઓફિસર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઓછા માર્કસથી, નાપાસ થતો રહ્યો. આખરે તેની મહેનતનું ફળ મળ્યું અને તાજેતરમાં BPSC દ્વારા લેવાયેલી પરીક્ષામાં પાસ થયો.

**(સૌ. : આજકાલ)**

# ૧ થી ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

### 80-G

| Donor | Rs. |
|---|---|
| Shri Ajit Patel - U.K. - India | 28,868 |
| Shri J. M. Enterprises (Prop. Atul Ajmera) - Mumbai | 50,000 |
| Shri Urmilaben Hempradipbhai Joshi Memory Of Late Shri Hempradipbhai Joshi - Bhavnagar | 21,000 |
| National Association For The Blind - Bhavnagar | 2,50,000 |
| Shri Sapna Nainish Shah - Mumbai | 50,000 |
| Shri Shreyas Padliya - Mumbai | 6,000 |
| Shri Bharati Rahul Shivpuri - Mumbai | 5,000 |
| Shri Reshmaben Dushyantbhai Vora Through Krutiben Vora And Shri Prafulbhai Shah - Bhavnagar | 30,000 |
| Shri Ilaben Anantrai Shah - Bhavnagar | 15,000 |
| Shri Pravinchandra Manilal Shah C/O.Parco Tractor Spares Corporation - Mumbai | 5,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Harsha Sheth - Mumbai | 5,000 |
| Shri Hetal Apurva Foundation - Mumbai | 5,000 |
| Shri Madhav Mohanbhai Rajai - Bhavnagar | 3,500 |
| Shri Hakani Rajeshbhai Nandlalbhai - Bhavnagar | 2,500 |
| Shreyas Padliya - Mumbai | 10,000 |
| Shri Priti Jitendra Parekh - Mumbai | 25,000 |
| Shri Mrudulaben Manoharbhai Desai - Bhavnagar | 5,000 |
| Shri Nayana Dhiren Shah - Mumbai | 25,000 |
| Shri Rajan Rameshchandra Desai - Mumbai | 5,00,000 |

### FCRA

| Donor | Rs. |
|---|---|
| Well Wisher - UK General Donation | 10,000 |
| Impact Foundation - UK General Donation | 32,500 |

### CSR

| Donor | Rs. |
|---|---|
| Shri Lakhani Dyestuffs Pvt.Ltd. - Mumbai | 11,00,000 |
| Shri Navdeep Chemicals Pvt. Ltd. - Mumbai | 1,19,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| Donor | Rs. |
|---|---|
| Shri Varsha Rajoo Shah - Mumbai | 20,000 |
| Shri Chiragbhai Bhaskarbhai Trivedi-Bhavnagar | 3,982 |
| Shri Mahavir Alluminium - Bhavnagar | 3,000 |
| Shri Vasudev Narayanlal Thaker - Bhavnagar | 7,000 |
| Shri Niranjanaben Vasudev Thaker - Bhavnagar | 5,000 |
| Shri Chandramauli Vasudev Thaker - Bhavnagar | 5,000 |
| Shri Bombay South Rotary Charitable Trust - Mumbai | 40,000 |
| Shri Shantaben K. Rathod - Bhavnagar | 11,000 |
| Shri Pravinchandra M Shah - Mumbai | 5,000 |
| Shri Sumatichandra Ramniklal Shah - Talaja | 15,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Chirag Jasvantrai Parekh - Mumbai | 10,000 |
| Shri Vidhiben Chiragbhai Trivedi - Bhavnagar | 2,730 |
| Shri Vasudevbhai Narayanbhai Thakar - Bhavnagar | 6,000 |
| Shri Dhriya Romil Doshi - Bhavnagar | 6,000 |
| Shri Industrial Inspection Services Pvt.Ltd. - Mumbai | 15,000 |
| Shri Indumati Harshadrai Shah - Mumbai | 10,000 |
| Shri Siddharajsinh Janaksinh Chudasama - Bhavnagar | 6,000 |
| Shri Kirti Anantrai Bhuta - Mumbai | 25,000 |
| Shri Chirag Jasvantrai Parekh - Mumbai | 10,000 |
| Shri Mrudulaben Manohar Desai - Bhavnagar | 15,000 |
| Shri Oswal Welfare Charitable Trust - Mumbai | 25,000 |
| Shri Vinodray Pragjibhai Shah - Mumbai | 6,000 |
| Shri Manaharlal Pujani Charitable E Trust - Mumbai | 50,000 |
| Shri Shudhaben Harshadbhai Shah - Mumbai | 50,000 |
| Shri Harshadbhai Jayantilal Shah - Mumbai | 50,000 |
| Shri Rasiklal Chhotalal Charitable Trust - Mumbai | 1,00,000 |
| Shri Bhanumati Harshadrai Gohil - Bhavnagar | 10,000 |
| Shri Bhanumati Harshadrai Gohil - Bhavnagar | 10,000 |
| Shri Bhanumati Harshadrai Gohil - Bhavnagar | 10,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

| Donor | Rs. |
|---|---|
| The New Piece Goods Bazaar Co.Ltd. - Mumbai | 5,00,000 |
| Shri Patel Shirishkumar Prahladbhai - Ahmedabad | 2,00,000 |
| Sol Mobiles Private Ltd. - Mumbai | 1,00,000 |
| Star Corrugating Industries - Mumbai | 1,00,000 |
| Star Packaging Industries - Mumbai | 1,00,000 |
| Sumitomo Chemical India Ltd. - Bhavnagar | 25,000 |
| Shri Pooja Dilipkumar Kothari - Mumbai | 25,000 |
| Shri Varshaben Rajoo Shah - Mumbai | 22,000 |
| Shri Atul R. Parikh - Anand | 10,000 |
| Late Shri Rameshchandra Maganlal Bakraniya | 7,000 |
| Shri Hema Shah & Shri Kiran Shah & Shri Dipam Shah - Ahmedabad | 5,202 |
| Shri Pratiksha Brijesh Anghan - Bhavnagar | 5,000 |
| Shri Jaydevbhai K. Desai - Mangrol | 5,000 |
| Shri Bhanumatiben Vinubhai Rathod - Ahmedabad | 5,000 |
| Late Shri Leelaben Jashwantrai Bhatt - Bhavnagar | 5,000 |
| Late Shri Lataben Bipinkumar Sanghavi - Ahmedabad | 2,000 |
| Shri Kaashmiraben Kanshodariya - Bhavnagar | 1,000 |
| Shri Samirbhai Thakkar - Bhavnagar | 1,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| Donor | Rs. |
|---|---|
| Sol Mobile Private Ltd. - Bhavnagar | 1,00,000 |

# Eqrly Childhood Association Award (2023-24) for Exemplary Work and Contribution for Inclusion in Foundatoin Year

અર્લી ચાઈલ્ડહુડ એસોસિએશન અને એઓસિએશન ફોર પ્રિપેટરી એજ્યુકેશન એન્ડ રીર્સચ, મુંબઈ, જેમાં પ્રિસ્કૂલ, રીર્સચ,સ્પે. એજ્યુકટર્સ, ઈન્સ્ટીટ્યુટ, NGO અને કોર્પોરેટસના મળી કુલ ૪૮૦૦૦ મેમ્બર ધરાવે છે. અને ઈન્ડિયામાં ૪૨ જેટલી ટેરેટરીમાં અર્લી ચાઈલ્ડહુડ માટે વર્કશોપ, સેમિનાર, વેબીનાર, સ્પેશયલ બુક પબ્લીકેશન તેમજ ઈન્ક્લ્યુઝન કાર્ય માટે કામ કરે છે.

આ માટે અર્લી ચાઈલ્ડહુડની નેશનલ કોર કમિટી દ્વારા PNR સંસ્થાની મુલાકાત કરેલ હતી અને વર્કશોપ પણ રાખવામાં આવ્યો હતો.

સંસ્થાની કાર્ય પધ્ધતિ અને સ્પે. ફિલ્ડના ઈન્કલુઝનના કામ અન્વયે તા. ૨૪-૨ ના રોજ મુંબઈની વિટી ઈન્ટરનેશનલ સ્કૂલ, બોરીવલી, મુંબઈ ખાતે એવોર્ડ ફંકશન રાખેલ હતું. જેમાં સંસ્થા વતી સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહને એજ્યુકેશન કમિશ્નર શ્રી સૂરજ મંધારના વરદ હસ્તે એવોર્ડ આપવામાં આવેલ હતો. સંસ્થા આ માટે ગૌરવ અનુભવે છે.

પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સી.પી. સ્કૂલ તથા કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ શૈક્ષણિક સ્ટાફ ECA ના વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોમાં જોડાઈ, શિક્ષણના નવીન પ્રવાહોથી અવગત થાય છે. ECA દ્વારા જૂલાઈ -'૨૩ દરમ્યાન તેના સભ્યોને પી.એન.આર. સોસાયટીની પ્રવૃત્તિઓથી વાકેફ કરવા માટે પ્રત્યક્ષ ૧ દિવસીય સેમિનારનું આયોજન નટરાજ કેમ્પમાં કરવામાં આવ્યું હતું. પી.એન.આર. સોસાયટીની Expert team ના સભ્યો શ્રી જીજ્ઞાબેન સોલંકી, ડૉ. અંબર ગુપ્તા, ડૉ. પ્રવીણ દેશમુખ દ્વારા દિવ્યાંગ બાળકોના સામાન્ય શાળામાં ઈન્કલ્યુઝનને અસરકારક બનાવતા મુદ્દાઓ પર ૬૦ જેટલા શિક્ષકોને તાલીમ તથા માર્ગદર્શન અપાયું હતું.

ECA ની વિવિધ પ્રવૃત્તિઓ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે તાલીમ, સેમિનાર દ્વારા પી.એન.આર. સોસાયટીના Expert શ્રી જીજ્ઞાબેન સોલંકી સંસ્થા વતી ૨૦૧૭થી જોડાયેલા છે.

ભવિષ્યમાં શિક્ષણમાં NEP ૨૦૨૦ થી આવેલ બદલાવથી સજ્જ થવા માટે તેમજ સંમિલિત શિક્ષણ ક્ષેત્રે વધુ અસરકારક વ્યુરચના ઘડવા માટે પી.એન.આર. સોસાયટી અને ECA સાથે મળી કાર્ય કરશે.

# ઈમ્પેકટના ટ્રસ્ટી Mrs. Lucinda PNR ની વિઝીટે



તા. ૧૪ ફેબ્રુઆરી '૨૪ PNR સંસ્થાની મુલાકાતે Impact Foundation, UK થી UKIF ના મેનેજર Mrs. Lucinda અને Mr. Russell આવ્યાં હતાં. તેઓનું એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટની વિદ્યાર્થીનીઓ દ્વારા કુમકુમ તિલક કરી અને પૂષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. એ.ટી. એન્ડ ટી. ના HOD શ્રી સુકેતુભાઈ શાહ દ્વારા દિવ્યાંગોને શીખવવામાં આવતા વિવિધ કોર્સ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

બાદમાં પી.એન.આર. સોસાયટી સંચાલિત હોસ્પિટલના દરેક વિભાગોની મુલાકાત કરી હતી. Mrs. Lucinda એ ઓપ્થેલ્મિક ડિપાર્ટમેન્ટના ડૉ. પાયલબેન અરોરા સાથે ચર્ચા કરી અને ત્યારબાદ ત્રાંસી આંખ તથા જન્મજાત ખામીવાળા દર્દીઓને પ્રશ્નો પૂછયાં હતાં.

Dr. I. B. Sardharwala Early Intervention & Remedial Center, નટરાજ સી.પી. સ્કૂલ, ઓટિઝ સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ, કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલની પણ વિઝીટ કરી હતી.

સાંજના સમયે Mrs. Lucinda અને Mr. Russell એ નટરાજ કેમ્પસના બોર્ડ રૂમમાં PNR સોસાયટીના ફાઉન્ડર શ્રી બાબાભાઈ સાથે ચર્ચા કરી હતી. સાથે ટ્રસ્ટીગણ સર્વ શ્રી પારસભાઈ શાહ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી ધીરૂભાઈ ધંધુકિયા તેમજ શ્રી ઈલાબેન, શ્રીમતી જીજ્ઞાબેન સોલંકી, શ્રી કે. ડી. પડિયા પણ વાર્તાલાપમાં જોડાયા હતાં. વિઝીટને સફળ બનાવવા શ્રી જીજ્ઞેશભાઈ પારેખ અને ટીમે જહેમત લીધી હતી.

## PNR સોસાયટી તસ્વીર સમાચાર



મુંબઈ ખાતે સંસ્થાને એવોર્ડ પ્રાપ્તિ



ઈમ્પેક્ટના ટ્રસ્ટીશ્રીઓ સંસ્થાની મુલાકાતે



સાધન સહાય વિતરણ



ધો. ૧૦ અને ધો. ૧૨નો શુભેચ્છા સમારંભ



ચિત્તલિયા ફેમિલી સંસ્થાની મુલાકાતે



શ્રી જે. જે. રાવળ સાહેબનો વાર્તાલાપ




માથેરાનમાં PNR ફેમિલીનું ગેટ ટુ ગેધર




કથાકાર જીજ્ઞેશ દાદા 'અંકુર' ની મુલાકાતે

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 March - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 28




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com